સુવિચાર

તકની મોટી મુશ્કેલી એ છે કે એ આવે છે તેના કરતા જયારે જતી રહે ત્યારે મોટી લાગે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





જામનગરમાં ACBની ટ્રેપમાં ફસાયા લાંચિયા પોલીસ કર્મીઓ ASI અને હેડ કોન્સ્ટેબલ લાંચ લેતા ઝડપાયા P-4



Year-16, Issue-38 ■ DATE : 22-05-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# રૂ.૧૬૦ કરોડના ખર્ચે ગુજરાતનાં ૧૮ અમૃત ભારત રેલવે સ્ટેશનનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ



## લીંબડી રેલ્વે સ્ટેશનના વર્ચ્યુઅલી લોકાપર્ણ વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરી

**મુખ્ય સમાચાર, બિકાનેર**

રાજસ્થાનના બિકાનેરથી નરેન્દ્ર મોદી આજે ભારતભરનાં ૧૦૩ રેલવે સ્ટેશનનું વર્ચ્યુઅલી લોકાપર્ણ કર્યું છે, જેનું અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતનાં ૧૮ રેલવે સ્ટેશનનો સમાવેશ થાય છે. ગુજરાતના ૧૮ પૈકી લીંબડી રેલવે સ્ટેશનના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ લીંબડી હેલિપેડથી કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. જેમનું હેલિપેડ ખાતે આગમન થતાં મહાનુભાવો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત તથા અભિવાદન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર એટલે માત્ર મોટા માળખાઓમાં ઉભા કરી દેવા એવી પ્રણાલીને જેને પ્રધાનમંત્રીએ જડમૂળથી બદલી નાખી છે. જેમ કે રેલવે અને રોડ સહીતની પરિવહન સેવાને વધુ સુવિધાયુક્ત બનાવીને ઇઝ ઓફ લિવિંગ બનાવવાનો અભિગમ તેમણે અપનાવ્યો છે. તેમના નેતૃત્વમાં રેલવે પરિવહનની સાથે દેશ, સમાજ અને સંસ્કૃતિને જોડવાની પ્રણાલીરૂપે ઉભરી છે. ત્યારે રૂ. ૧૦.૫૫ કરોડના ખર્ચે આધુનિકરણ પામેલા લીંબડી રેલવે સ્ટેશનનું આજે વડાપ્રધાનના હસ્તે ઉદઘાટન થયું છે. લીંબડી તો આધુનિક ભારતના સ્વપનદ્રષ્ઠા સ્વામી વિવેકાનંદજી સાથે સીધો સંબંધ રહ્યો છે. સ્વામી વિવેકાનંદજીએ પોતાના ગુરુ સ્વામી શ્રી રામકૃષ્ણ પરમહંસના અવસાન પછી ભારતમાં આધ્યાત્મિક ચેતના જગાવવાની ઈચ્છા જાગી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના બિકાનેરથી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનઃવિકસિત દેશનોક રેલવે સ્ટેશનનું ઉદઘાટન કર્યું હતું. આ ઉપરાંત, શિલાન્યાસ કરવામાં આવ્યો હતો અને ૨૬ હજાર કરોડ રૂપિયાથી વધુના ખર્ચે અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. અહીં પ્રધાનમંત્રી મોદીએ રામ-રામ કહીને ભાષણની શરૂઆત કરતા જણાવ્યું હતું કે, દેશનો વિકાસ જોઈને દુનિયા આશ્ચર્યચકિત થઈ ગઈ છે.

દેશનાં ૧૦૩ રેલવે સ્ટેશનના નવીનીકરણમાં ગુજરાતનાં ડાકોર, કરમસદ, સામખિયાળી, લીંબડી, મોરબી, જામજોધપુર, જામવંથલી, હાપા, સિહોર, પાલિતાણા, રાજુલા, મહુવા, ઓખા, મીઠાપુર, ઉત્રાણ, કોસંબા, ડેરોલ અને કનાલુસ રેલવે સ્ટેશનનો સમાવેશ થાય છે. રૂપિયા ૧૬૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલાં આ સ્ટેશનો સૌંદર્યશાસ્ત્ર, સુવિધા અને સંસ્કૃતિનું મિશ્રણ દર્શાવે છે. દરેક સ્ટેશન ગુજરાતની લોકકલા, પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની ઝલક દર્શાવે છે.

અપગ્રેડેડ સ્ટેશનોમાં ભવ્ય પ્રવેશદ્વાર, ઉચ્ચ-માસ્ટ લાઇટિંગ, આધુનિક વેઈટિંગ હોલ, ટિકિટ કાઉન્ટર, અપગ્રેડેડ શૌચાલય અને અપંગ વ્યક્તિઓ માટે સુલભ રેમ્પ છે. પ્લેટફોર્મ આશ્રયસ્થાનો, કોચ સૂચક પ્રણાલીઓ અને ડિજિટલ માહિતી પ્રદર્શનો પણ સ્થાપિત કરવામાં આવ્યાં છે. બધી સુવિધાઓ સમાવિષ્ટ અને સુલભ હોય એ રીતે ડિઝાઇન કરવામાં આવી છે.

લીંબડી રેલવે સ્ટેશન વર્ચ્યુઅલી લોકાપર્ણ વખતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી છે. આ રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં પ્લેટફોર્મ નં. ૧નું વિસ્તરણ કરીને અહીં ઊંચાઈમાં વધારો કરાયો છે. આ ઉપરાંત ટોઈલેટ બ્લોક્સની સ્થાપના, દિવ્યાંગ મુસાફરો માટે વિશેષ સુવિધાઓ, ભવનનું નિર્માણ, સર્ક્યુલેટિંગ એરિયાનો સુધારો, સુવ્યવસ્થિત પાર્કિંગ ક્ષેત્રનો વિકાસ, પ્રવેશ અને નિકાસ દ્વારનો પુનર્વિકાસ, કોચ ગાઇડન્સ ડિસ્પ્લે બોર્ડ (CGDB)ની સ્થાપના, મુસાફરોમાટે જાહેરાત પ્રણાલીને મજબૂત બનાવવી, સ્ટેશનના રવેશનું સૌંદર્યીકરણ, રવેશ લાઇટિંગની વ્યવસ્થા અને સૂચનાત્મક સાઇનબોર્ડની સ્થાપના કરવામાં આવી છે. યાત્રાધામ ડાકોર રેલવે સ્ટેશનની વાત કરીએ તો અહીં દિવ્યાંગ મુસાફરો માટે ખાસ વાહન પાર્કિગથી માંડી વિશેષ પ્રકારની સુવિધાઓ સાથે ધાત્રી મહિલા મુસાફરો માટે અલગ બેઠક રૂમ અને ઘોડિયાની વિશેષ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત શહેરની આધ્યાત્મિક ઓળખને પ્રતિબિંબિત કરવા માટે સ્ટેશન પરિસરમાં ભગવાન કૃષ્ણની પ્રતિમા અને ભીંતચિત્રો સુંદર રીતે સંકલિત કરવામાં આવ્યાં છે.

# શ્રીનગર જઇ રહેલ વિમાન કુદરતી તોફાનની ઝપટે ચડી જતા ૨૨૦ મુસાફરોના જીવ તાળવે ચોંટયા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાટનગર દિલ્હીથી શ્રીનગર જઈ રહેલુ ઈન્ડીગો એરલાઈન્સનું વિમાન કુદરતી તોફાનની ઝપટે ચડી જતા ૨૨૦ મુસાફરોના જીવ તાળવે ચોટી ગયા હતા. પાયલોટે જોકે સાહસપૂર્વક વિમાનનું શ્રીનગરમાં ઉતરાણ કરાવ્યુ હતું. વિમાનના આગળના ભાગને નુકશાન થયુ હતું. વિમાનમાં થોડો વખત મુસાફરોની ચીસોથી માહોલ ગમગીન બની ગયો હતો.

દિલ્હીથી ઉપડેલી આ ફલાઈટને શ્રીનગર પહોંચવામાં ૨૦-૩૦ મીનીટની વાર હતી. ત્યારે અચાનક તોફાનમાં સપડાયું હતું. વિમાનમાં કરા પડવા લાગ્યા હતા. પાયલોટે સ્થિતિ પારખીને એર ટ્રાફીક કન્ટ્રોલને ઈમરજન્સીની જાણ કરી હતી. વિમાન હાલકડોલક થવા લાગ્યુ હોવાથી પ્રવાસીઓને પણ સીટ બેલ્ટ બાંધી લેવાની સુચના આપવામાં આવી હતી. વિમાનની હલચલથી પ્રવાસીઓ ભયભીત બન્યા હતા. કેટલાંક ચીસો પાડવા લાગ્યા હતા.કેટલાંકે ભગવાનને પ્રાર્થના કરવાનું શરૂ કર્યુ હતું. છેવટે પાયલોટે શ્રીનગરમાં વિમાનનું સુરક્ષીત ઉતરાણ કરાવતા લોકોનાં શ્વાસ હેઠા બેઠા હતા.

કુદરતી તોફાન તથા કરા પડવાથી વિમાનનાં નોઝકોન (આગળનો ભાગ-નાક)ને નુકશાન થયુ હતું. વિમાનનાં ઉતરાણ બાદ એરપોર્ટ ટીમે પ્રવાસીઓને ખાસ સુવિધા આપી હતી અને વિમાનને ગ્રાઉન્ડેડ જાહેર કરી દેવામાં આવ્યું હતું.

વિમાનમાં સવાર ઔવૈસ મકબુલ હકીમે આવુ ટવિટ કર્યુ હતું કે, પ્રવાસીઓ ગભરાયા હતા અને ચીસ પાડતા હતા. લોકોએ મોતનો અનુભવ કર્યો હતો. સુરક્ષિત ઉતરાણ બાદ સૌને હાશકારો થયો હતો.

# બિટકોઇન સહિત સોના-ચાંદીમાં ઐતિહાસીક તેજી

## સોનાનો ભાવ ૫૫૦ ના ઉછાળાથી ૯૯૩૫૦ થયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકામાં ટ્રમ્પના સતારૂઢ થયા બાદ ઝળકેલી ક્રિપ્ટો કરન્સીએ આજે નવો રેકોર્ડ સર્જયો હતો. બિટકોઈનનો ભાવ પ્રથમ વખત ૧૧૦૦૦ ડોલરને પાર થઈ ગયો છે.અમેરિકી સેનેટ દ્વારા સ્ટેબલ કોઈન બીલ પર વિચારણા કરાયાનાં રીપોર્ટને પગલે જોરદાર તેજી થઈ હતી.

ક્રિપ્ટોકરન્સીનુ ભાવિ વધુ ઉજજવળ બનવાના આશાવાદથી બિટકોઈનમાં મોટા પ્રમાણમાં લેવાલી નિકળી હતી જેને પગલે આજે ૨.૨ ટકાના ઉછાળા સાથે ૧૧૦૭૦૭ ડોલરની નવી ઉંચાઈએ પહોંચ્યુ હતું.

ક્રિપ્ટો ઓપરેટર-ટ્રેડરોને નવા સુચિત બીલથી વધુ પ્રોત્સાહન મળવાનો આશાવાદ ઉભો થયો હતો.





ટોચની કંપનીએ ૫૦ અબજ ડોલરના બિટકોઈન ખરીદ કર્યાના રીપોર્ટ હતા. ઉપરાંત એસેટ ઈન્વેસ્ટરોનો ક્રિપ્ટો તરફ લગાવ વધી રહ્યાના સંકેતોથી તેજીને બળ મળ્યુ હતું.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે બિટકોઈનનો ભાવ ૧.૧૦ લાખ ડોલરની ઉપર જળવાઈ રહેવાના સંજોગોમાં તે ૧.૨૫ લાખ ડોલરને આંબી જાય તેમ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના મેમેકોઈનમાં મોટુ હોલ્ડીંગ ધરાવતા ઈન્વેસ્ટરો સાથે આજે ડીનર લેવાના છે તેવા સમયે ક્રિપ્ટોની આ અભૂતપૂર્વ તેજીને સૂચક ગણવામાં આવી રહી છે. બિટકોઈનની સાથોસાથ એથેરિયમ જેવી અન્ય ક્રિપ્ટો કરન્સીમાં પણ જોરદાર તેજી હતી.

હમાસ સામેનાં યુદ્ધ વચ્ચે ઈઝરાયેલ ઈરાનના અણુ સંસ્થાનો પર ત્રાટકવાની તૈયારી કરી રહ્યાના અમેરિકી ગુપ્તચર રીપોર્ટને પગલે ક્રુડતેલમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો. દુનિયામાં ભૌગોલીક ટેન્શન વકરવાની આશંકાથી ભાવ ઉંચકાયો હતો. નિષ્ણાંતોએ કહ્યું કે, ચાલૂ મહિનાનાં પ્રારંભથી ક્રુડતેલમાં ૧૫ ટકાનો ભાવ વધારો થઈ ગયો છે. ભૌગોલીક ટેન્શન વકરવાનાં સંજોગોમાં તમામ કોમોડીટીઝ પર વધુ તીવ્ર પ્રત્યાઘાતો પડવાની ભીતિ છે.

બિટકોઈનની સાથોસાથ ફરી વખત સોના-ચાંદીમાં પણ જોરદાર તેજીનો દોર શરૂ થયો હોય તેમ ભાવોમાં આજે સતત બીજા દિવસે ઉછાળો નોંધાયો હતો. સોનુ ફરી એક લાખની નજીક પહોંચી ગયુ હતું. જયારે ચાંદી એક લાખને પાર થઈ હતી.રાજકોટમાં સોનાનો ભાવ ૫૫૦ ના ઉછાળાથી ૯૯૩૫૦ થયો હતો. વિશ્વ બજારમાં ૩૩૬૮ ડોલર હતો.ચાંદી ૧૬૦૦ વધીને ૧૦૦૬૦૦ થઈ હતી.વિશ્વ બજારમાં ભાવ ૩૩.૩૬ ડોલર હતો.

# યુપીમાં વાવાઝોડાના કારણે ૨૦ના મોત



**મુખ્ય સમાચાર, લખનૌ**

ઉત્તર પ્રદેશમાં અચાનક હવામાનમાં આવેલા પલટાને કારણે વાવાઝોડા અને ભારે વરસાદનો દોર શરૂ થયો. બુધવારે રાત્રે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ભારે પવન સાથે ભારે વરસાદ પડ્યો. ઘણી જગ્યાએ આકાશમાંથી કરા પણ પડ્યા. જોકે એક તરફ લોકોને ગરમીથી રાહત મળી, તો બીજી તરફ લોકોને જાનમાલનું નુકસાન થયું. કયાંક લોકોએ જીવ ગુમાવ્યા તો કયાંક ઘરોમાં આગ લાગી. છેલ્લા ૧૨ કલાકમાં ઉત્તર પ્રદેશમાં ૨૦ લોકોના મોત થયા છે.

બદાયૂં જિલ્લામાં ભારે વાવાઝોડા અને વરસાદ બાદ જરીફનગરના ઘણા ગામોમાં આગ લાગવાથી ૮૦ થી વધુ ઘર બળી ગયા હતા. ગામલોકોએ પોલીસ અને ફાયર બ્રિગેડને પણ આગની જાણ કરી હતી. જોકે, જોરદાર વાવાઝોડાને કારણે રસ્તામાં ઘણા વળક્ષો પડી ગયા હતા, જેના કારણે ફાયર બ્રિગેડ અને પોલીસ સમયસર પહોંચી શકી ન હતી. કોઈક રીતે પોલીસ કર્મચારીઓ ખેતરોમાંથી બાઇક ગોઠવીને ગામમાં પહોંચ્યા. કહેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માતમાં ગામમાં મોટું નુકસાન થયું છે. તેમના ઘરમાં રાખેલો તમામ સામાન બળી ગયો છે. જિલ્લાના નગર પંચાયત દહગવાન, જરીફનગર, સોનખેડા, જમુની અને માલપુર તાતેરા સહિત અનેક ગામોમાં વાવાઝોડા દરમિયાન આગ લાગી હતી. આગની ઘટના બાદ, એસપી રૂરલ, એસડીએમ સહસ્વાન, તહસીલદાર અને મહેસૂલ વિભાગની ટીમ નુકસાનનું મૂલ્યાંકન કરી રહી છે.

# કોરોનાનો હાહાકારઃ ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં કોવિડના કેસ સામે આવ્યા

**મુખ્ય સમાચાર, લંડન**

કોરોનાએ ફરી ઉથલો માર્યો છે. ભારત સહિત વિશ્વના ઘણા દેશોમાં કોવિડ-૧૯ના કેસ વધી રહ્યા છે. કેટલાક દેશોમાં કોરોનાના વધી રહેલા કેસથી ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ વખતે કોરોનાની ઘાતક અસર બ્રિટનમાં જોવા મળી રહી છે. અહીં કોવિડ-૧૯થી મળતકોની સંખ્યા એક સપ્તાહમાં જ લગભગ બમણી થઈ ગઈ છે.

બ્રિટન સરકારના તાજા આંકડા પ્રમાણે, એક સપ્તાહમાં ૧૦૧ લોકોના કોવિડ-૧૯થી મોત થયા હતા. ડેથ સર્ટિફિકેટમાં પણ આ વાત લખવામાં આવી હતી. જે ગત સપ્તાહ કરતાં ૬૫ ટકા વધારે હતી. આ પહેલા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ૧૧૧ લોકોના મોત થયા હતા. અચાનક કોરોના કેસ અને મળત્યુમાં થઈ રહેલા વધારાથી લોકોની ચિંતા વધી ગઈ છે.

હેલ્થ એક્સપર્ટ અનુસાર,



ઓમિક્રોનનો સબ વેરિઅન્ટ જેએન.૧ આ પાછળ જવાબદાર છે. આ વેરિઅન્ટ વિશ્વના અનેક દેશોમાં ફેલાયો છે અને મુખ્ય સ્ટ્રેન બની ગયો છે. આ કારણે વિશ્વના અનેક દેશોમાં સંક્રમણ અને હૉસ્પિટલમાં દાખલ થનારા દર્દીની સંખ્યા વધી છે.

માત્ર બ્રિટન જ નહીં એશિયાના અનેક દેશોમાં પણ કોરોનાના કેસ ફરી વધી રહ્યા છે. સિંગાપુરમાં કોરોનાના કેસ ૧૧,૧૦૦થી વધીને ૧૪,૨૦૦ પર પહોંચી ગયા છે. હોસ્પિટલમાં દાખલ થનારા દર્દીની સરેરાશ સંખ્યા પણ ૧૦૨થી વધીને ૧૩૩ પર પહોંચી છે. થાઈલેન્ડમાં કોરોના કેસ ૩૩,૦૦૦ને પાર થઈ ગયા છે. સરકારે નાગરિકોને બૂસ્ટર ડોઝ લેવાની અપીલ કરી છે.

હાલ કોરોનાના વધી રહેલા કેસને લઈ ગભરાવાની જરૂર નથી પરંતુ વાયરસના નવા રૂપ અને ઝડપથી વધતા કેસને લઈ સતર્ક રહેવાની જરૂર છે. હેલ્થ એજન્સીઓ સતત મોનિટરિંગ કરી રહી છે અને જરૂર હોય તો માસ્ક, હાથ ધોવા અને ભીડથી બચવા જેવી સાવધાની રાખવા જણાવી રહી છે.

# IPLમાં ગુજરાત સહિત ચાર ટીમ પ્લેઓફમાં

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય ટુર્નામેન્ટમાં પ્લે ઓફ માટેની ચાર ટીમો ફાઈનલ થઈ ગઈ છે અને હવે ટોપ-ટુમાં સ્થાન મેળવવાની રેસ શરૂ થશે. ગઈકાલના મેચમાં મુંબઈ ઈન્ડીયન્સે પરાસ્ત કરતા દિલ્હી પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયુ હતુ. મુંબઈ પ્લે ઓફમાં કવોલીફાઈ થઈ હતી.

ગુજરાત, બેંગ્લોર, પંજાબ તથા મુંબઈ પ્લેઓફમાં છે અને હવે ટોપ-ટુમાં પહોંચવાનો ચારેય ટીમોનો ટારગેટ રહેશે. આજે અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ તથા લખનઉ સુપર જાયન્ટસનો મુકાબલો છે. લખનઉ અગાઉ જ રેસમાંથી બહાર છે. ગુજરાત, ટોપ-ટુમાં પહોંચવા ટારગેટ રાખે તે સ્પષ્ટ છે.

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે બુધવારે તેમના ઘરઆંગણે વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ૫૯ રનથી વિજય મેળવીને આઈપીએલ-૨૦૨૫ના પ્લેઓફમાં જગ્યા બનાવી લીધી. આ સાથે આ સિઝનના પ્લેઓફ માટે ચારેય ટીમો નક્કી થઈ ગઈ છે. પ્રથમ બેટિંગ કરતા મુંબઈએ પાંચ વિકેટ ગુમાવીને ૧૮૦ રન બનાવ્યા. દિલ્હીની ટીમ ૧૯.૨ ઓવરમાં ફક્ત ૧૨૧ રન બનાવી શકી અને પ્લેઓફની દોડમાંથી બહાર થઈ ગઈ હતી. પહેલા સૂર્યકુમાર યાદવ અને પછી બોલરોએ દિલ્હીની આશાઓ પર પાણી ફેરવી દીધું. દિલ્હીના બોલરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને મુંબઈના બેટ્સમેનોને રોકી રાખ્યા હતા, પરંતુ સૂર્યકુમાર યાદવે છેલ્લી ઓવરોમાં ઝડપથી રન બનાવ્યા અને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દીધી.

સૂર્યકુમારે ૪૩ બોલમાં સાત ચોગ્ગા અને ચાર છગ્ગાની મદદથી ૭૩ રનની અણનમ ઈનિંગ રમી. તેમના સિવાય, નમન ધીરે આઠ બોલમાં બે ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી અણનમ ૨૪ રન બનાવ્યા.

# ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધ ટ્રમ્પ તંત્રની લાલ આંખઃ ૫૦ કરોડ ડોલરનો દંડ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગેરકાયદે રહેતાં ઈમિગ્રન્ટ્સ વિરૂદ્ધની કવાયત દિવસેને દિવસે આકરૂ સ્વરૂપ ધારણ કરી રહી છે. ઈમિગ્રેશન ઓથોરિટીએ હાલ અમેરિકામાં વસતાં ૪૫૦૦ જેટલા ઈમિગ્રન્ટ્સને અંદાજે ૫૦ કરોડ ડોલરનો દંડ ફટકાર્યો છે. જેમાં અમુક ઈમિગ્રન્ટ્સને ૧૮ લાખ ડોલરનો ઊંચો દંડ કર્યો છે.


ટ્રમ્પ સરકારે આ દંડ ફટકારતી નોટિસ આપવા પાછળનું કારણ અમેરિકામાં ગેરકાયદે વસવાટ જણાવ્યું છે. યુએસ ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા પાઠવવામાં આવેલી નોટિસમાં જણાવાયું છે કે, દેશમાં ગેરકાયદે વસવાટ કરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે.

ટ્રમ્પ સરકાર દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ફેરફારો અનુસાર ડિપોર્ટેશનનો આદેશ હોવા છતાં અમેરિકામાં વસવાટ કરવા બદલ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને દંડ ફટકારવામાં આવ્યો છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઈમિગ્રેશન ઓથોરિટી દ્વારા ગેરકાયદે વસવાટ કરતાં લોકોને દંડ ફટકારતી નોટિસ મોકલવામાં આવી છે. આ નોટિસનો જવાબ ૩૦ દિવસની અંદર આપવાનો રહેશે.

જેમાં ડિપોર્ટેશનનો ઓર્ડરનો અમલ કરવાની પ્રતિજ્ઞા લેતું લેખિત નિવેદન રજૂ કરવાનું રહેશે. અમુક કિસ્સામાં દંડ ન લાગૂ કરવાના માન્ય કારણો પુરાવાઓ સાથે રજૂ કરવાના રહેશે.

ટ્રમ્પ સરકારે સેલ્ફ-ડિપોર્ટેશનને પ્રોત્સાહન આપવા બોર્ડર સ્ટ્રેટેજીના ભાગરૂપે દંડની જોગવાઈ ઘડી છે. જેમાં ગેરકાયદે વસતાં ઈમિગ્રન્ટસ પર ડિપોર્ટેશનના આદેશને અવગણના કરવા બદલ રોજના ૯૯૮ ડોલર લેખે દંડ ફટકારવામાં આવી રહ્યો છે. જેમાં પાંચ વર્ષનો એક સામટો ૧૮ લાખ ડોલરનો દંડ પણ લાગુ છે. વધુમાં દંડ ચૂકવવામાં નિષ્ફળ રહેનારાઓની પ્રોપર્ટી જપ્ત કરવાની પણ જોગવાઈ છે.

# કૈલાસ માન સરોવર યાત્રા માટે કોમ્પ્યુટર ડ્રોથી ૭૫૦ તીર્થયાત્રીઓની પસંદગી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિદેશ મંત્રાલયે કૈલાસ માન સરોવર યાત્રા માટે કોમ્પ્યુટર ડ્રોથી ૭૫૦ તીર્થયાત્રીઓની પસંદગી કરી છે. આ વખતે ૫૫૬૧ લોકોએ યાત્રા માટે ઓનલાઈન અરજી કરી હતી.

વિદેશ રાજયમંત્રી કીર્તિવર્ધન સિંહની હાજરીમાં વિદેશ મંત્રાલયે બુધવારે ડ્રો કર્યો હતો. કૈલાસ માનસરોવર યાત્રા માટે આ વખતે ઉતરાખંડના રસ્તેથી ૫૦-૫૦ યાત્રીઓનાં ૧૦ જુથ મોકલાશે.યાત્રા જુન-ઓગસ્ટ દરમ્યાન સંપન્ન થશે. મંત્રાલય દ્વારા તેના માટે તૈયારી કરવામાં આવી રહી છે.

મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે પસંદ કરાયેલા યાત્રીઓને એસએમએસ અને ઈ-મેલથી જાણકારી મોકલવામાં આવી રહી છે. આ ઉપરાંત યાત્રી કૈલાસ માન સરોવર યાત્રાની વેબસાઈટ પર પણ જોઈ શકે છે.

# કાલથી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અપર એર સાયકલોનીક સરકયુલેશન તથા સાયકલોનીક સિસ્ટમની અસર હેઠળ ગુજરાતના કેટલાંક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. માછીમારોને પણ દરીયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગનાં વડા એ.કે.દાસે જણાવ્યું હતું કે, ઉતર કર્ણાટક તથા ગોવાના કાંઠે પૂર્વ મધ્ય અરબી સમુદ્રમાં અપર એર સાયકલોનિક અરબી સમુદ્રમાં અપર એર સાયકલોનિક સરકયુલેશન સક્રિય છે. ઉપરાંત આજ ક્ષેત્રમાં લો-પ્રેસર બન્યુ છે મજબુત થવા સાથે ઉતર તરફની ગતિ છે.

હવામાનની આ સિસ્ટમને કારણે



ગુજરાતમાં તા.૨૩ થી ૨૫ દરમ્યાન વિજળીનાં કડાકાભડાકા, ઝંઝાવાત સાથે વરસાદ થવાની સંભાવના છે. ૫૦ કીમી સુધીની ઝડપના પવન પણ ફુંકાઈ શકે છે.

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં અમરેલી, જુનાગઢ તથા ગીર સોમનાથ તથા દક્ષિણ ગુજરાતના વલસાડ-નવસારીમાં ભારેથી અતિભારે વરસાદનુ ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. રાજયના બાકીનાં ભાગોમાં હળવો-મધ્યમ વરસાદ થવાની શકયતા છે.

હવામાન વિભાગે દ.ગુજરાતનાં માછીમારોને દરીયો ન ખેડવા કહેવાયું છે.પ્રિ-મોન્સુન ગતિવિધીના ભાગરૂપે જ વરસાદ હોવા છતાં આ ગતિવિધી વહેલી શરૂ થયાનો નિર્દેશ કરાયો છે.

# જામનગરમાં મેગા ડિમોલિશન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા રિવર ફ્રન્ટ પ્રોજેક્ટને લઈને કાલાવડ નાકા બહારથી લઈને છેક નાગેશ્વર વિસ્તાર સુધીમાં નદીના પટમાં ખડકી દેવાયેલા દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે. જેના ભાગરૂપે આજે સવારે મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું અને જુદા જુદા ત્રણ વિસ્તારમાં આવેલા ૧૧૬ જેટલા મકાનો-દુકાનો સહિતના દબાણો દૂર કરીને અંદાજે ૫૦,૦૦૦ ફૂટ જગ્યા ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકાના અધિકારીઓના કર્મચારીઓ અને ૨૦૦થી વધુ સ્ટાફ ઉપરાંત સીટી એ. ડિવિઝનનો મહિલા પોલીસ સહિતનો પોલીસ કાફલો મેગા ડિમોલિશનની કાર્યવાહીમાં જોડાયો છે. જામનગરમાં કાલાવડ નાકા બહાર રંગમતી નદીના પટ્ટનો વિસ્તાર, કે જેમાં અલગ અલગ ત્રણ વિસ્તારો કે જ્યાં મહાનગરપાલિકાની સરકારી જગ્યામાં ગેરકાયદે રહેણાંક મકાન-દુકાનો વગેરે ખડકી દેવાયા હતા, જે પૈકી નદીના પટના ત્રિકોણીય વિસ્તારમાં અંદાજે ૫૭ જેટલા મકાનો ખડકાયેલા હતા. જે તમામને અગાઉથી નોટિસ આપીને જગ્યા ખાલી કરી દેવા માટેની સૂચના અપાઈ હતી. ત્યારબાદ ડિમોલિશન શરુ કરી દેવામાં આવ્યું હતું.જામનગર મહાનગરપાલિકાના કમિશ્નર ડી. એન. મોદીના માર્ગદર્શન હેઠળ ડી. એમ. સી. દેવેન્દ્રસિંહ ઝાલા, આસિસ્ટન્ટ કમિશ્નર ભાવેશ જાની, કંટ્રોલિંગ અધિકારી મુકેશ વરણવા તથા એસ્ટેટ શાખાની ટીમ, ટીપીઓ શાખાની ટીમ, ફાયર વિભાગની ટુકડી વગેરે મળી ૨૦૦થી વધુ કર્મચારીઓ આજના મેગા ડિમોલિશનમાં જોડાયા હતા, અને અલગ અલગ ત્રણ ટીમો બનાવાઈ હતી.સમગ્ર ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવા માટે ૧૨ જેસીબી મશીન, ૩ હિટાચી મશીન, ટ્રેક્ટર સહિતની મશીનરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને વહેલી સવારથી તોડવાની કાર્યવાહી શરુ કરી દેવામાં આવી છે. જે ત્રણેય સ્થળે સીટી એ. ડિવિઝનના પી.આઈ. એન. એ. ચાવડાની રાહબરી હેઠળ મોટો પોલીસ કાફલો બંદોબસ્તમાં જોડાયો છે જેમાં મહિલા પોલીસની પણ મોટી ટીમ સાથે રાખવામાં આવી છે.જેમાં એક સ્થળે ૪૭ મકાનોનું દબાણ ખુલ્લું કરાવાઈ રહ્યું છે, જ્યારે બીજા સ્થળે ૧૬ દુકાનો સહિત ૪૬ જેટલા બાંધકામોને તોડી પાડવાની કાર્યવાહી ચાલી રહી છે, જ્યારે ત્રીજા સ્થાને ૨૩ મકાનો પર મહાનગરપાલિકાનો હથોડો વીંઝવામાં આવ્યો છે, અને અંદાજે ૫૦,૦૦૦ ફૂટથી વધુ જગ્યા ખુલ્લી કરાવવા માટેની કાર્યવાહી ચાલી રહી છે.

# મોરબી રાજકોટના આંગડીયા પેઢીના વેપારીની કાર આંતરી અજાણ્યા સાત શખ્સો દ્વારા ૯૦ લાખ રૂપિયાની લૂંટ

**નંબર પ્લેટ વગરની પોલો અને બલેનો કારમાં આવેલા શખ્સોએ ટંકારા નજીક ખજૂરા હોટલે કાર રોકાવી લાકડા, પાઈપ અને છરીથી હુમલો કરી રોકડ ભરેલા બે થેલા લઇ ગયાં**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી રાજકોટના આંગડીયા પેઢીના વેપારીને મોરબી જતા રસ્તામાં બે નંબર વગરની કારમાં આવેલા અજાણ્યા શખ્સોએ ટંકારા નજીક આવેલ ખજૂરા હોટલે રોકી લાકડાં, પાઈપ અને છરીથી હુમલો કર્યો હતો. અગાઉ કારનો પીછો કરી કાર સાથે કાર અથડાવી પલ્ટી મારવાનો પ્રયાસ પણ કર્યો હતો, જે બાદ લૂંટારૂઓએ કારમાંથી રૂપિયા ૯૦ લાખ ભરેલા બે થેલા લૂંટી અને નાસી છૂટ્યાં હતાં. સમગ્ર ઘટનાને આધારે ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ ૪૦૧ અક્ષર એવન્યુ અંબીકા ટાઉનશીપમાં રહેતા મુળ અનીડા ભાલોડી તા.ગોંડલના વતની નિલેષભાઈ મનસુખભાઈ ભાલોડી વેપાર તથા વકીલાત સાથે સંકળાયેલા છે અને નિલેશભાઈ રાજકોટ હરીકૃષ્ણા આર્કેડ ૧૫૦ ફૂટ રીંગરોડ ખાતે ''ટી. એન્ટરપ્રાઈઝ (ટીટેનીયમ)'' નામની આંગડીયા પેઢી ચલાવતા હોય, તેઓએ ટંકારા પોલીસ મથકમાં નંબર પ્લેટ વગરની પોલો અને બલેનો કારમાં સવાર પાંચથી સાત શખ્સો સામે ફરિયાદ નોંધાવી કે ગઈકાલ તા.૨૧/૦૫ ના રોજ બપોરના અરસામાં રાજકોટથી મોરબી ધંધાના કામે પેમેન્ટ કરવા નિલેષભાઈ અને જયસુખભાઈ તેમની મહિન્દ્રા -૩૦૦ કાર રજી. જીજે-૦૩-એનકે-૩૫૦૨ માં રૂ.૯૦ લાખની રોકડ રકમ લઈને મોરબી તરફ જઇ રહ્યા હતા. ત્યારે ચાંમુંડા હોટલ મિતાણા ગામ પાસે પાછળથી વાઈટ કલરની નંબર વગરની પોલો કારે તેમનો પીછો કરવાનું શરૂ કર્યો હતો. આ દરમિયાન પલ્ટી મરાવવાનો પ્રયાસ, લાકડાં તથા હથિયાર વડે હુમલો તેમજ વાહનની સામે બીજી બલેનો કાર ઉભી રાખી પાંચથી સાત શખ્સોએ નિલેશભાઈની કારને રોકી હતી. ત્યારે લૂંટ થવાની શકયતાને પારખી નિલેશભાઈએ તેમના ડ્રાઈવર જયસુખભાઈને કાર ચલાવવાનું કહેતા તેઓ ત્યાંથી પોતાની કાર ખજુરા રિસોર્ટ સુધી પહોંચતાં, બલેનો કાર દ્વારા પાછળથી ટક્કર મારવામાં આવી હતી, જેના કારણે કારના ટાયર ફાટતાં, તેમને રોકાવું પડ્યું હતું. ત્યારે પાછળથી આવેલા શખ્સોએ ફરી હુમલો કરી તેઓના વાહનમાં મૂકેલા રૂપિયા પચાસ લાખ અને ચાલીસ લાખ ભરેલા બે થેલા તેમજ બેંક દસ્તાવેજોનો લાલ થેલાની લૂંટ કરીને પોલો અને બલેનો કારમાં નાસી છૂટ્યા હતા. જે બાદ ઘટના અંગે તાત્કાલિક નિલેશભાઈ દ્વારા પોલીસને જાણ કરતા, તુરંત ટંકારા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

હાલ નિલેશભાઈની ફરિયાદને આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ લૂંટ/ધાડ તથા લૂંટ/ધાડના ઈરાદે જીવલેણ હુમલો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબીના બગથળા પાસે વહેલી સવારે વોકિંગ કરતા પિતા-પુત્રને રીક્ષાએ અડફેટે લીધા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના બગથળા ગામ પાસે ઈવા કારખાના અને સિલ્વર સાઈન પેટ્રોલ પંપ વચ્ચેના રસ્તે વહેલી સવારે રીક્ષાની ઠોકરે વોકિંગ પર નિકળેલા પિતા-પુત્રને અકસ્માત નડયો હતો, જેમાં પિતાને માથામાં ગંભીર ઈજા થઈ હતી અને પુત્રના ખભા તથા પગમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી.

મોરબી તાલુકાના બગથળા ગામ નજીક તા. ૧૧ મે ૨૦૨૫ના રોજ વહેલી સવારે અંદાજે ૬ વાગ્યા આસપાસ સીએનજી રીક્ષાના ચાલકે પોતાની રીક્ષા પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને પિતા-પુત્રને અડફેટે લીધા હતા. જે બનાવમાં ફરીયાદી નયનકુમાર રમેશભાઈ ઠોરીયા ઉવ.૩૩ રહે. સરદારનગર સોસાયટી, શીવધારા એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૪૦૩ મોરબી, મૂળરહેવાસી બગથળા વાળા પોતાના પિતા રમેશભાઈ સાથે સવારે વોકિંગ પર નિકળ્યા હતા. ત્યારે ઈવા કારખાના અને સિલ્વર સાઈન પેટ્રોલ પંપ વચ્ચે રોડ ઉપર પાછળથી આવતી રીક્ષા રજી.નં. જીજે-૩૬-યુ-૫૯૦૫ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે રીક્ષા ચલાવી બંનેને અડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં નયનકુમારને જમણા ખંભા ઉપર તથા પગમાં ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચતા તત્કાલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે તેમના પિતાને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માતની ઘટનાને પગલે ભોગ બનનાર નયનકુમારની ફરિયાદને આધારે પોલીસ દ્વારા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના દલવાડી સર્કલ પાસે ક્રેટા કારમાંથી વિદેશી દારૂની ૪૩૨ બોટલ સાથે ચાલકની અટક, માલ મોકલનાર-મંગાવનાર ફરાર

**કચ્છથી ક્રેટા કારમાં રાજકોટ લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે ઝડપી લીધો**



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે કચ્છથી ક્રેટા કારમાં રાજકોટ લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો મોરબીના દલવાડી સર્કલ પાસે આવેલ અમી પેલેસ સામે રોડ ઉપરથી ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે ક્રાઈમ બ્રાંચ પોલીસે આરોપી ક્રેટા કાર ચાલકની અટકાયત કરી, કાર તથા વિદેશી દારૂ સહિત કુલ રૂ. ૧૨.૯૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જ્યારે કચ્છથી માલ મોકલનાર અને મંગાવનાર સ્થળ ઉપર હાજર મળી ન આવતા તેને ફરાર દર્શાવી આગળની તપાસ ચલાવી છે.

મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ભરતભાઇ જિલરીયા તથા આશીફભાઇ ચાણકીયાને ખાનગીરાહે હકિકત મળેલ કે, એક સફેદ કલરની ક્રેટા કાર રજી.નં. જીજે-૧૨-ડીએ-૮૭૧૬ વાળીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી એક ઇસમ રવિરાજ ચોકડી બાજુથી નિકળી રાજકોટ તરફ જનાર છે તેવી ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળેલ હોય જે ચોકકસ હકિકત આધારે ફોર વ્હીલ કારની વોચમાં કંડલા બાયપાસ રોડ દલવાડી સર્કલ પાસે આવેલ અમી પેલેસ એપાર્ટમેન્ટની સામે રોડ ઉપર વોચમાં હતા તે દરમિયાન ઉપરોક્ત ક્રેટા કાર ત્યાંથી પસાર થતા તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૪૩૨ નંગ બોટલ મળી આવી હતી, આ સાથે આરોપી રામારામ મેઘારામ તરડ ઉવ.૨૪ રહે.ડુંગરી ગામ તા.સાંચોર જી.જાલોર રાજસ્થાન વાળાની સ્થળ ઉપરથી ધરપકડ કરવામાં આવી હતી. આરોપી પાસેથી ક્રેટા કાર કિ.રૂ. ૧૦ લાખ, વિદેશી દારૂ કિ.રૂ.૨,૯૪,૯૪૮/- તથા એક મોબાઈલ કિ.રૂ.૫ હજાર સહિત રૂ.૧૨,૯૯,૯૪૮/- નો મુદામાલ કબજે કરેલ છે. જ્યારે વિદેશી દારૂ મોકલનાર આરોપી ટીંકુભાઇ રહે.ગાંધીધામ તથા માલ મંગાવનાર તેમજ તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ એલસીબી ટીમ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં વિદેશી દારુના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના સત્યમ કોલોની અન્ડરબ્રીજ પાસે એલસીબીની ટુકડીએ એક મકાનમાં દરોડો પાડીને ઈંગ્લીશ દારુની ૧૨૬ બોટલ સાથે એક શખ્સને દબોચી લીધો હતો જયારે લાલવાડી આવસમાં દરોડો પાડીને દારુની ૪૦ બોટલ કબ્જે કરી હતી જેમા મહિલા સહિત બેની સંડોવણી ખુલી હતી ઉપરાંત કલ્યાણચોકમાં દારુના ૪ ચપટા સાથે ઝપટમાં આવ્યો હતો અને એકનુ નામ ખુલ્યુ હતું તેમજ કાલાવડના મુરીલા રોડ પર એક શખ્સ શરાબની છ બોટલ સાથે નીકળતા પોલીસે પકડી લીધો હતો.જામનગર જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુએ દારુ-જુગારની બદી નેસ્ત નાબુદ કરવા તથા પ્રોહીબીશન ધારાના કેસો શોધી કાઢવા સુચના કરેલ હોય જેથી એલસીબી પીઆઇ વી.એમ. લગારીયા, પીએસઆઇ પી.એન.મોરી તથા પીએસઆઇ સી.એમ. કાંટેલીયા શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન સ્ટાફના ઘનશ્યામભાઇ, અરજણભાઇ તથા મયુદીનભાઇને મળેલ ખાનગી હકીકત આધારે શહેરના સત્યમ કોલોની રોડ અંડરબ્રીજ પાસે પરીવાર એપાર્ટમેન્ટ સામે રામ રાજા મદ્રાસી (ઉ.વ.૨૪) રહે. સત્યમ કોલોની અન્ડરબ્રીજ પરિવાર એપાર્ટમેન્ટ.જામનગરવાળાના મકાનમાથી ૧૨૬ બોટલ કિ. ૯૯૧૬૨ તથા એક મોબાઇલ કિ. ૪૦ હજાર મળી કુલ ૧.૩૯.૧૬૨ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.આ ઉપરાંત એલસીબીની ટુકડીએ લાલવાડી આવાસ, નાગમતી એલ-૫૦૫ ખાતે આરોપીના ભાડાના ફલેટમાં વિદેશી દારુ હોવાની બાતમીના આધારે દરોડો પાડીને ઇંગ્લીશ દારુની ૪૦ બોટલ કિ. ૧૬ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો, જયારે આરોપી આવાસમાં રહેતા વિકી મદ્રાસી તથા ઉર્મીલાબેન ઉર્ફે ભુમી રાજેશ વાઘેલા બંને હાજર મળી આવ્યા ન હતા આથી તેની સામે પ્રોહીબીશન મુજબ સીટી-એમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

અન્ય દરોડામાં જામનગરના કાલાવડ નાકા બહાર રંગમતી સોસાયટીમાં રહેતા રાહીલ અબ્દુલકાદર શેખને કલ્યાણચોક પાસેથી ઇંગ્લીશ દારુના ૪ ચપટા સાથે સીટી-એ પોલીસે પકડી લીધો હતો જયારે રબ્બાની પાર્કમાં રહેતો જાબીર સલીમ દરવાનનું નામ ખુલ્યુ હતું. કાલાવડના મુરીલામાં રહેતા કરણ ભોલા ગોલતર નામના શ્રમિકને ઇંગ્લીશ દારુની ૬ બોટલ લઇને રીનારીથી મુરીલાના કાચા રસ્તા પાસેથી નીકળતા ગ્રામ્ય પોલીસે પકડી લીધો હતો.

## સમાચાર સંક્ષીપતમાં

### મોરબી મહાનગરપાલિકાની પાણી અને ડ્રેનેજ શાખામાં આવેલ ફરિયાદોનો ઝડપી નિકાલ કરાયો

મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડા અનુસાર, પાણી અને ડ્રેનેજ વિભાગમાં પ્રાપ્ત થયેલી કુલ ૨૨૦૪ ફરિયાદોમાંથી મોટાભાગની ફરિયાદોનું સમયસર નિરાકરણ કરવામાં આવ્યું છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ, વોટર વર્કસ વિભાગમાં તા. ૨૦ મે ૨૦૨૫ સુધી કુલ ૩૪૮ ફરિયાદો પ્રાપ્ત થઈ હતી.

જેમાંથી ૨૫૮ ફરિયાદોનો તત્કાલ ઉકેલ કરવામાં આવ્યો છે. જ્યારે ડ્રેનેજ વિભાગમાં કુલ ૧૮૫૬ ફરિયાદો નોંધાઈ હતી, જેમાંથી ૧૬૪૬ ફરિયાદોનો ઉકેલ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના ડેપ્યુટી ઈજનેરે આ આંકડાઓ જાહેર કરતાં જણાવ્યું હતું કે, નાગરિકોની ફરિયાદોને ઝડપથી ઉકેલવા માટે વિભાગીય કર્મચારીઓ સતત કાર્યરત છે અને ભવિષ્યમાં પણ વધુ કાર્યક્ષમતા વધારવાના પ્રયત્નો ચાલુ રહેશે.

### વાંકાનેર મકાન ભાડે આપી પરપ્રાંતિય ભાડુઆતની માહિતી સંબંધિત પોલીસ મથકે ન આપનાર વિરુદ્ધ કાર્યવાહી

મોરબી એસઓજી ટીમ જીલ્લા કલેકટરના જાહેરનામા અનુસંધાને ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન વાંકાનેર તાલુકાના ઢુંવા ચોકડી પાસે શીવ શકિત ચેમ્બર ઉપર બીજા માળે આવેલ રણછોડભાઇ ખોડાભાઇ ગોલતર ઉવ.૩૯ રહે. નવા ઢુવાગામ તા.વાંકાનેર વાળાના મકાન પરપ્રાંતિય મજુરોને ભાડે આપી આ પરપ્રાંતિય ઇસમની માહીતી મોરબી એસ્યુર્ડ એપ્સ.માં અપલોડ કરેલ ન હોઇ તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશન તથા સબંધીત કચેરીમાં પરપ્રાંતિય માણસોની માહીતી આપેલ ન હોઇ જેથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાના હુકમનો ભંગ કર્યો હોય જેથી આરોપી રણછોડભાઇ ગોલતર વિરુદ્ધ બીએનએસ કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધાવી એસઓજી પોલીસે આગળની તપાસ ચલાવી છે.

### હળવદના ચરાડવા ગામે એકલવાયા જીવનથી કંટાળી યુવકે અંતિમ પગલું ભર્યું

હળવદના ચરાડવા ગામે રહેતા ૩૦ વર્ષીય યુવકે પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળતી વિગતવાર માહિતી અનુસાર, હળવદ તાલુકાના ચરાડવા ગામે લુહાર ચોકમાં રહેતા લાલજીભાઇ શંકરભાઇ લકુમ ઉવ-૩૦ નામનો યુવક ધુની મગજનો હોવાથી લગ્ન ન થતા, હાલ એકલવાયુ જીવન જીવતા હોય જેનાથી કંટાળી જઇ મનોમન લાગી આવતા પોતે પોતાની જાતે પોતાના રહેણાક મકાનની રૂમમા છતના ભાગે લગાવેલ લોખંડના હુક સાથે દુપટો બાધી ગળેફાસો ખાય આત્મહત્યા કરી લેતા લાલજીભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ હળવદ પોલીસે મૃતકના કુટુંબી પાસેથી પ્રાથમિક વિગતો મેળવી મૃત્યુના બનાવ અંગે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

### મોરબીના વનાળીયા ગામે ઘરની લાઇટ બંધ કરવાના વિવાદમાં પિતાએ પુત્ર અને પુત્રવધુ ઉપર લાકડી અને ધારિયા વડે હુમલો કર્યો

મોરબી તાલુકાના વનાળીયા ગામે એક જ પરિવાર વચ્ચે ઘરની લાઇટ બંધ કરવા મુદ્દે થયેલા ઝઘડામાં પિતાએ પુત્ર અને પુત્રવધુ ઉપર લાકડી અને ધારિયા વડે ગંભીર હુમલો કરવામાં આવ્યો હતો. જે હુમલામાં મહિલાને માથામાં તથા ખભામાં ઈજા પહોંચી હતી. સમગ્ર બનાવ અંગે પુત્રવધુએ આરોપી સસરા સહિત બે વિરુદ્ધ તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે.

મોરબી તાલુકાના વનાળીયા ગામે રહેતા ભાનુબેન રાજેશભાઇ અજાણાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમના સસરા ધારાભાઈ ઘેલાભાઇ અજાણાએ ઘરની લાઇટ બંધ કરી નાખી હતી. જેથી ભાનુબેનના પતિ રાજેશભાઇ તેમના ઘરે આવી આ બાબતે પૂછપરછ કરવા તેના પિતા ધારાભાઈ પાસે ગયા હતા ત્યારે આરોપી ધારાભાઈએ રાજેશભાઇ સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો અને લાકડી વડે તેના પર હુમલો કર્યો હતો. જે દરમિયાન ભાનુબેન તેમના પતિને બચાવવા વચ્ચે પડતાં આરોપી ધારાભાઈએ ઉશ્કેરાઈ જઈને ફળીયામાં પડેલા ધારિયા વડે ભાનુબેનને માથાના ભાગે, ડાબા ખભામાં અને હાથમાં ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. આ દરમિયાન આરોપી મનીષાબેન વિરાજભાઇ ખાંભલાએ ગંદી ગાળીઓ આપી બંનેએ મળીને ગુનો કરવામાં મદદગારી કરી હતી. હાલ પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# કાલાવડ ખાતે તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામગર જીલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી કાલાવડ ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેક્ટરએ અરજદારોને રૂબરૂ મળી તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોના નિરાકરણ અંગે જરૂરી ચર્ચા કરી લગત વિભાગોને યોગ્ય કાર્યવાહી કરવા સૂચનો આપ્યા હતા.તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજદારોના ૯ પ્રશ્નો પૈકી ૮ પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવ્યું હતું. જે પ્રશ્નોમાં ભૂગર્ભ ગટરનો પ્રશ્ન, સ્મશાન બનાવવા માટે જગ્યાની ફાળવણી, જમીન માપણી, પાણીની પાઈપલાઈન નાખવા અંગે, પીએમ કિસાન યોજનાને લગત પ્રશ્નો અરજદારોએ રજૂ કર્યા હતા જે પ્રશ્નોનું સ્થળ પર જ જરૂરી કાર્યવાહી કરી નિરાકરણ લાવવામાં આવ્યું હતું.આ સાથે કલેકટર કેતન ઠક્કરે કાલાવડ મામલતદાર કચેરી ખાતેની કામગીરીની ચકાસણી કરી લગત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. આ ચકાસણીમાં તેઓએ કાલાવડ પોલીસ સ્ટેશનની કામગીરી ઉપરાંત વિવિધ ગુન્હાઓને લગત માહિતી મેળવી શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે પ્રકારે જરૂરી પગલા લેવા ઉપરાંત જમીન માપણીને લગત પ્રશ્ન હોય તો સ્થળ ચકાસણી કરાવી યોગ્ય કાર્યવાહી કરવા, સરકારી લ્હેણાની વસુલાત કરવા વગેરે મુદ્દાઓ પર અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવ્યું હતું.આ કાર્યક્રમમાં કાલાવડ મામલતદાર.તન્વીબેન ત્રિવેદી સહીત તાલુકા સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના વિપ્ર યુવાનનું અપહરણ કરી જઈ હત્યા નીપજાવવા અંગેના ચકચારી પ્રકરણમાં પ્રેમિકાના પિતા સહિત ત્રણ હત્યારા આરોપીઓની અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નજીક નાઘેડી વિસ્તારમાં રહેતા એક વિપ્ર યુવાનનું પ્રેમ પ્રકરણના કારણે અપહરણ કરી જઈ ઢોર માર મારવા અંગે અને હત્યા નીપજાવવા અંગેના ચકચારી પ્રકરણમાં પોલીસે પ્રેમિકાના પિતા સહિત ત્રણ આરોપીઓની અટકાયત કરી લીધી છે, અને.રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરી છે.જામનગર નજીક નાઘેડીમાં રહેતા આશિષ રાણાભાઈ અસવાર નામના ૨૧ વર્ષની વયના વિપ્ર યુવાનનું પ્રેમ પ્રકરણના કારણે ગત ૭ મી તારીખે અપહરણ કરાયું હતું, અને કનસુમરા પાસે અવાવરૂ સ્થળે લઈ જઈ તેને ઢોર મારવામાં આવ્યો હતો, અને ત્યાં જ ફેંકી દેવાયો હતો.જે બનાવના સ્થળે ૧૦૮ ની ટુકડી પહોંચી ગઈ હતી, અને ઈજાગ્રસ્ત યુવાનને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને વધુ સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડયો હતો. જયાં ૧૨ દિવસની સારવાર બાદ પરમ દીને રાત્રે તેનું મૃત્યુ નીપજતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો.આ બનાવ મામલે અગાઉ મૃતક યુવાન કે જે પોતાની પ્રેમિકા ક્રિષ્નાબેન કેશવાલા પોતાના પાડોશી સાથે સીટી સી. ડિવિઝન પોલીસ મથકે પહોંચી ગઈ હતી, અને પોતાના પ્રેમી મિત્ર આશિષ.નું અપહરણ કરી જવા અંગે અને ઢોર માર મારવા અંગે પોતાના જ પિતા વિક્રમભાઈ કેશુભાઈ ઓડેદરા, તેમજ ફુવા રામદેવભાઈ લાખાભાઈ મેર અને વિવેક કારાભાઈ મેર વગેરે સામે ફરિયાદ નોંધાવી હતી. અને પોલીસે હુમલા અને અપહરણ સંબંધે ગુનો નોંધ્યો હતો.દરમિયાન ઈજાગ્રસ્ત યુવાનનું.મૃત્યુ નીપજતાં આ બનાવ હત્યામાં પલટાયો છે. ત્યારે સીટી સી. ડિવિઝન પોલીસ દ્વારા આ મામલામાં હત્યાની કલમનો ઉમેરો કરી લેવાયો છે, અને ફરિયાદી પ્રેમિકા ના પિતા સહિતના ત્રણ આરોપીઓની અટકાયત કરી લઈ ત્રણેયને રિમાન્ડ પર લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# મોરબી મહેન્દ્રનગર ચોકડી નજીક રોડ ક્રોસ કરી રહેલી તરુણીનું કાર હડફેટે સારવાર દરમ્યાન મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ મહેન્દ્રનગર ચોકડી પાસે રોડ ક્રોસ કરતી ૧૩ વર્ષની તરુણીને એક ફોરવ્હીલ વાહનના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે ચલાવી હડફેટે લેતાં તેણી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ત્યારે અકસ્માત સર્જનાર કાર ચાલક દ્વારા પ્રથમ તરુણીને તાત્કાલિક સારવાર માટે મોરબી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી જ્યાંથી તરુણીના પરિવારજનો દ્વારા રાજકોટ ખસેડવામાં આવી હતી, જ્યાં ચાર દિવસની સારવાર બાદ તેણીનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થયું છે. હાલ મૃતક દીકરીના પિતાની ફરિયાદને આધારે અકસ્માત સર્જનાર કાર ચાલક આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, પડધરી ગામે ફુલવાડી પ્રાથમિક શાળાની બાજુમાં રહેતા દીલીપભાઈ નરશીભાઈ જાદવની દિકરી ઝરણાબેન ઉવ.૧૩ તા. ૧૪ મે ૨૦૨૫ના રોજ સવારે ૧૧ વાગ્યે મહેન્દ્રનગર ચોકડી નજીક શિવમ પ્લાઝા સામે રોડ ક્રોસ કરી રહી હતી. ત્યારે ઘુંટુ ગામ તરફથી મહેન્દ્રનગર ચોકડી તરફ ધસી આવતી જીજે-૩૬-એજે-૬૬૪૭ નંબરની ફોરવ્હીલ કારના ચાલકે પોતાના હવાલાવાળી કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી તેણીને ટક્કર મારી હતી.

અકસ્માતમાં ઝરણાબેનના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક સારવારમાં મોરબી શહેરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાંથી રાજકોટના સરકારી દવાખાને ખસેડવામાં આવી હતી. ચાર દિવસ સુધી સારવાર મળ્યા બાદ, અંતે તા. ૧૭ મેના રોજ ઝરણાનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. હાલ મોરબી બી ડિવિઝન પોલીસે મૃતકના પિતાની ફરિયાદને આધારે કાર ચાલક આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# સોમનાથ-અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન દોડશે

## રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ફલેગ ઓફની શકયતા

**મુખ્ય સમાચાર, વેરાવળ**

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના દર્શનાર્થીઓ માટે આનંદના સમાચાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.૨૫ મે ના ગુજરાત પ્રવાસ દરમ્યાન અમદાવાદથી સોમનાથ વચ્ચે દોડનારી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી શકે છે. આ નવી વંદે ભારત ટ્રેન શરૂ થવાથી મુસાફરોના પ્રવાસ સમયમાં નોંધપાત્ર ઘટાડો થશે. વેસ્ટર્ન રેલવેના મેમ્બર અનિષભાઇ રાચ્છે આ અંગેની શક્યતા વ્યક્ત કરી છે. વેરાવળ રેલવે સ્ટેશન પર આ નવી સેવા માટેની ઔપચારિક વ્યવસ્થાઓ શરૂ કરી દેવામાં આવી છે. આ નવી સેવાથી સોમનાથ મંદિરના દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓને વધુ સારી અને ઝડપી યાત્રાનો લાભમળશે. વંદે ભારત એક્સપ્રેસ ભારતની સૌથી આધુનિક અને ઝડપી ટ્રેન છે, જે મુસાફરોને આરામદાયક અને સુરક્ષિત પ્રવાસની સુવિધા પૂરી પાડશે.

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોજાયેલ નિઃશુલ્ક સમર યોગ કેમ્પમાં ૧૦૦ બાળકો જોડાયા

''મેદસ્વિતામુક્ત ગુજરાત'' અભિયાન અન્વયે રાજકોટ મહાનગરપાલિકામાં દસ સ્થળોએ યોજાઈ રહ્યા છે કેમ્પ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તા. ૩૦/૦૫/૨૦૨૫ સુધી રાજકોટ મહાનગરપાલિકાના જુદા જુદા દસ સ્થળોએ બાળકો માટે નિઃશુલ્ક સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૦૭ થી ૧૫ વર્ષના ૧૦૦ બાળકોને સવારના ૭ થી ૯ વાગ્યા સુધી પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા છે.

રાજ્ય સરકારે ''મેદસ્વિતામુક્ત ગુજરાત'' અભિયાનને વેગવંતુ કરવા રાજ્યના વિવિધ વિસ્તારોમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આ અભિયાનમાં બાળકોને આવરી તેઓ શાળાના વેકેશનનો સદુપયોગ કરી શકે તે માટે સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રશિક્ષિત ટ્રેનર અને કોચ દ્વારા બાળકોને યોગ, પ્રાણાયામ અને કસરતથી જીવનમાં નિયમિતતા, શિષ્ટતા, શારીરિક તંદુરસ્તી અને એકાગ્રતા કેળવાઈ છે. ઉપરાંત ટ્રેનર્સ દ્વારા બાળકોએ પૌષ્ટિક આહાર આરોગવાથી શરીર અને મનને થતાં ફાયદાઓ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવે છે.

આ સમર યોગ કેમ્પમાં વધુ બાળકો જોડાય તે માટે WWW.GSYB.IN લીંક પર રજીસ્ટ્રેશન કરવા રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ કો-ઓર્ડીનેટર મીતાબેન તેરૈયા અને વેસ્ટ કો-ઓર્ડીનેટર ગીતાબેન સોજીત્રાએ અનુરોધ કર્યો છે.

## નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક

નશીલા પદાર્થો તથા માદક દ્રવ્યોના સેવનની પ્રવૃત્તિ વિશ્વ સમુદાય સામે પડકારરૂપ છે. રાજકોટ શહેરમાં નશાબંધીને લગતા ગુનાઓ અટકાવવા, તે શહેર પોલીસની પ્રાથમિકતા છે. નાર્કોટીક્સની ગેરકાયદેસર હેરાફેરી અને વેચાણ અટકાવવા કાર્યરત કેન્દ્ર તથા રાજ્યના વિભાગો અને એજન્સીઓ સંકલનમાં રહીને સંયુક્ત રીતે કામ કરી શકે, તે હેતુસર NCORD (Narco Coordination Center) કમિશનરેટ વિસ્તારની કમિટી બનાવાઇ છે. જે અન્વયે રાજકોટની સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને તા. ૨૩ મે, ૨૦૨૫ના રોજ સવારે ૧૧ કલાકે યોજાશે. જેની સમિતિના સભ્યોએ નોંધ લેવા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની કચેરીની યાદીમાં જણાવાયું છે.

# ઓઝોન પ્યુરિફિકેશન આધારિત પ્રોજેક્ટને આંતર રાષ્ટ્રીય કક્ષાએ રજૂ કરી ૪ ક્રમે વિજેતા બનતી આર્ચી વૈષ્ણવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આપને કહેવત છે કે પાણી પહેલા પાળ બાંધવી જોઈએ. એટલે કે કોઈ મુસીબત આવે એ પહેલાં જ તેનો ઉપાય શોધી લેવામાં આવે તો મુશ્કેલી ન રહે. આ કહેવતને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવની દોહીત્રી અને રાજકોટ એન્જીનીયરીંગ એસોસિએશનના ડિરેકટર સમીર વૈષ્ણવની દીકરી આર્ચીએ સાર્થક કરી બતાવી છે. મરીન સેક્ટરમાં સૌ પ્રથમ વખત AIનો ઉપયોગ કર્યો છે. આ ટેકિન્ક-પ્રોજેકટને કતારની રાજધાની દોહામાં આયોજિત CODEAVOUR 6.0 આંતરરાષ્ટ્રીય રોબોટિક્સ સ્પર્ધામાં રજૂ કરી ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. આ સ્પર્ધામાં ૨૪ દેશની ૧૨૫ ટીમે ભાગ લીધો હતો. જેમાં આ પ્રોજેકટ ૪ થા ક્રમે વિજેતા થતા આર્ચીએ ભારત દેશનું ગૌરવ વધાર્યું છે.

આ પ્રોજેકટ વિશે વધુ માહિતી આપતા આર્ચી વૈષ્ણવ જણાવે છે કે, આ પ્રોજેકટ બે કારણોસર પસંદ કરવામાં આવ્યો છે. પ્રથમ કારણ એ છે કે, આજે દરેક સેગમેન્ટમાં AIનો ઉપયોગ સામાન્ય બની ગયો છે. પરંતુ મારા ધ્યાનમાં મરીન સેક્ટરમાં હજુ AIનો ઉપયોગ થયો નહિ હોવાનું ધ્યાને




આવ્યું હતું. જયારે બીજું કારણ એ છે સૌરાષ્ટ્ર સહિત વિશ્વભરમાં ગ્લોબલ વોર્મિંગની અસર જોવા મળે છે. જો ભવિષ્યનો વિચાર કરીએ તો એક તો પાણીનું સંરક્ષણ પણ કરી શકાય ને પ્રદૂષિત પાણીનો ઉપયોગ પણ કરી શકાય એ મુખ્ય હેતુ હતો. આ પદ્ધતિ ઓઝોન પ્યુરિફિકેશન આધારિત છે. જેમાં રોબર્ટની મદદ લઈને પ્રદુષિત પાણી પણ ચોખ્ખુ બની શકે ને તેનો વપરાશ કરી શકાય. આ પ્રોજેકટની અમલવારી સૌરાષ્ટ્રની ધરતી પર કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળે. જ્યારે ભારત દેશની વાત કરીએ તો કાશ્મીરથી લઈ કન્યા કુમારી સુધી આ પ્રોજકેટ ફાયદાકારક છે. આ પ્રોજેકટને સફળ બનાવવા શેક્ષણિક અભ્યાસ ક્રમ ચાલુ હતો તે દરમ્યાન ૩ કલાક અને જ્યારે વેકેશન પડયું ત્યારે રોજની ૮ કલાક CS STEM LABમાં સમય ફાળવતી હતી.

દોહા ખાતે રજૂ કર્યા પહેલા રાષ્ટ્રીય કક્ષાએ જ્યારે આ પ્રોજેકટ રજૂ કર્યો ત્યારે તેને બીજો ક્રમ મળ્યો હતો. આર્ચીએ જણાવ્યું હતું કે ત્યારબાદ આ પ્રોજેકટને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજૂ કરવાનો ચાન્સ મળ્યો ત્યારે બસ મનમાં એક જ નિર્ણય કર્યો હતો કે વૈશ્વિક કક્ષાએ ભારત દેશનું ગૌરવ વધારવું, જ્યારે મારો ચોથો ક્રમ જાહેર થયો અને વિદેશની ધરતી પર જ્યારે ભારત દેશનું નામ ગુંજી ઉઠ્યું ત્યારે દેશનું ગૌરવ વધાર્યુ હોવાનો મનમાં ઉત્સાહ અને ઉમંગ હતો. અલગ અલગ દેશોના ૩૩ જ્યૂરી મેમ્બરની ટીમેં અલગ અલગ પેરામીટર ચકાસી ને આ પ્રોજકેટને પસંદ કર્યો હતો. આંતર રાષ્ટ્રીય કક્ષાએ આયોજિત સ્પર્ધામાં વિજેતા થવામાં મારું ડેડીકેશનને સૌ કોઈએ બિરદાવ્યું હતું આ માટે CS STEM LABના ઊર્મિલા રાણાવા અને પ્રીતેશ રાણાવાનું વિશેષ માર્ગદર્શન મળી રહ્યું છે. તેમજ મારા પરિવાર તરફથી ખૂબ જ પ્રોત્સાહન મળ્યુ છે.

# ગોંડલ ઘટક ૧ ની તમામ આંગણવાડીમાં કેન્દ્રોમા બાલક પાલક સર્જન કાર્યક્રમ યોજાયો

બાળ વિકાસ યોજના અધિકારી સોનલબેન વાળાના માર્ગદર્શનથી કાર્યક્રમો યોજાયા હતા

**મુખ્ય સમાચાર, ગોંડલ**

તાલુકાના ગોંડલ ઘટક - ૧ ની તમામ આંગણવાડી કેન્દ્ર પર તા.૨૦/૫/૨૫ અને ૨૧/૫/૨૦૨૫ ના રોજ ની તમામ આંગણવાડી માં વર્કરો બહેનો દ્વારા બાલક પાલક સર્જન કાર્યક્રમ નું આયોજન કર વામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં ગોંડલ ઘટક - ૧ સી.ડી.પી.ઓ મેડમ સોનલબેન વાળા તેમજ સુપરવાઈઝર પીન્ટુબરન દવે, વર્ષાબેન ભટ્ટ,નયનાબેન સિંહાર,નયનાબેન મેહતા,મુક્તાબેન ડોબા પી.એસ.ઈ. ઈન્ટ્રકટર ધવલભાઈ પરમાર હાજર હતા ત્યાર બાદ કાર્યક્રમ ની શરૂઆત આવેલ મહેમાનો દ્વારા દીપ પ્રાગટય થી કરવામાં આવી હતી ત્યાર બાદ આંગણવાડી વર્કરો અને હેલ્પરો દ્વારા મહેમાનો નું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાર બાદ સુપરવાઈઝર પીન્ટુબરન દવે, વર્ષાબેન ભટ્ટ,નયનાબેન સિંહાર,નયનાબેન



મેહતા,મુક્તાબેન ડોબા દ્વારા આંગણવાડી શું છે અને બાળકોને સુકામે આંગણવાડીમાં પ્રવેશ આપવો જોઈએ તે બધા વાલીઓને વિસ્તાર પૂર્વક સમજાવવામાં આવ્યું હતું ત્યાર બાદ આંગણવાડી વર્કરો દ્વારા આંગણવાડીમાં પ્રવેશ મેળવવા માટે ની નાની વાર્તાને પપેટ શો દ્વારા રજૂ કરી વાલી અને બાળકોને આંગણવાડી પ્રત્યે આકર્ષણ થાય તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો તેમજ વર્કરો એ બાળગીતો ગાઈ ને કેવી રીતે આંગણવાડી માં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત કરાવવામાં આવે છે તે પણ રજૂ કરવામાં આવ્યું હતું તેમજ સી.ડી.પી.ઓ શ્રી દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રવૃત્તિ, બાળકો ના ૬ વિકાસ તેમજ મારી વિકાસયાત્રા વિશે સમજ આપવામાં આવેલ. આંગણવાડી કાર્યકર દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણની થીમ આધારિત પ્રદર્શન ગોઠવેલ હતું તેમજ મારી વિકાસયાત્રા,રમત ગમત ભાગ ૧ અને ૨ નું પ્રદશન ગોઠવવામાં આવેલ હતું અને બાળક આંગણવાડી માંથી કેવી કેવી અવનવી પ્રવૃત્તિઓ શીખીને આવેછે તે તેના વાલીઓ પાસેથી અભિપ્રાયો પણ લેવામાં આવ્યા હતા ત્યારબાદ વાલી ની હાજરીમાં આંગણવાડી એ આવતા બાળકોનો ચિતકામ,ફાડકામ, ફિંગર પ્રિન્ટ,ચીટક કામ,કલરકામ ક્ષમતા ચકાસવા માટે વાલી ઓની મદદ થી પ્રવૃત્તિ કરાવવ-ામાં આવી હતી આંગણવાડી ૧૭ થીમ મુજબ આંગણવાડી અગાઉના કાર્યક્રમોમાં બાળકો દ્વારા કરવામાં આવેલ સારી પ્રવૃતિઓનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું, કાર્યક્રમના અંતે સેજા સુપરવાઈઝર પીન્ટુબરન દવે, વર્ષાબેન ભટ્ટ,નયનાબેન સિંહાર,નયનાબેન મેહતા,મુક્તાબેન ડોબા મહેમાનોનું શબ્દો થી આભારવિધિ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ખાસ આકર્ષણ નું કેન્દ્ર નાના ભૂલકાઓ માટે બનાવવામાં આવેલ સેલ્ફી પોઈન્ટ હતો કાર્યક્રમ પૂર્ણ થયે બાળકો અને વાલીઓ માટે આલ્પહરની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા આંગણવાડી કેન્દ્રો ના વર્કર અને હેલ્પરે જહેમત ઊઠાવી હતી.

## ફાઈટર એડવોકેટ ગ્રૃપ દ્વારા વકિલો માટે આજથી રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ફાઈટર એડવોકેટ ગ્રૃપ દ્વારા જામનગર રોડ પર આવેલ પરાપીપરીયાના ક્રિષ્ના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વકિલો માટે ઓપન સૌરાષ્ટ્ર રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામિન્ટનો આજ સાંજથી પ્રારંભ થઈ રહ્યો છે. આ ટુર્નામિન્ટ આજથી તા.૨૪ સુધી ૩ દિવસ યોજાશે. જેમાં અનેક ટીમો ભાગ લેશે આ ટુર્નામિન્ટમાં હાજરી આપવા ફાઈટર એડવોકેટ ગ્રૃપ દ્વારા આમંત્રણ પાઠવ્યું છે.

# મોરબીના બાંધકામના વેપારી પર થયેલ ગોળીબાર મામલે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાઈ

માળીયા(મી)ના મોટા દહીંસરા નજીક જીઈબી પાવરહાઉસ સામે કારમાં બેઠા હોય તે સમયે અજાણ્યા શખ્સે કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં બે દિવસ પહેલાં એક બાંધકામના વેપારી પર અજાણ્યા શખ્સે જીવલેણ હુમલો કર્યો હતો. વેપારી માળીયા(મી) તાલુકાના મોટા દહીંસરાથી આગળ નવલખી રોડ ઉપર જીઈબી પાવરહાઉસ નજીક પોતાની કારમાં બેઠેલા ત્યારે અજાણ્યા લાલ શર્ટ પહેરેલા શખ્સે ગાળાગાળી બાદ તુરંત જ પોતાની પાસે રહેલ તમંચા જેવા હથિયારથી વેપારી ઉપર ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરી હુમલો કર્યો હતો. જે બાદ સારવાર માટે રાજકોટ ખસેડાયેલા વેપારીએ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મોરબી શહેરમાં અવની ચોકડી પાસે પ્રમુખ એપાર્ટમેન્ટમાં રહેતા મૂળ હજનાળી ગામ તા.જી.મોરબીના વતની તરુણભાઈ ઉર્ફે ગોપાલભાઈ હંસરાજભાઈ ગામી ઉવ.૪૬ કે જેઓ બાંધકામના ધંધા સાથે સંકળાયેલ છે, ત્યારે ગઈ તારીખ ૨૦ મે ના રોજ રાત્રીના તરુણભાઈ ઉપર જીવલેણ હુમલો થયો હતો. વેપારી મોરબીથી મોટાદહિંસરા ગામે તેમના સંબંધીની પેપર મીલે મળવા તેના કુટુંબી ભાઈની આઈ-૨૦ કાર રજી. નં. જીજે-૩૬-આર-૫૩૫૦ લઈને ગયા હોય જે બાદ નવલખી રોડ પર ચક્કર મારવા નીકળ્યા હતા. ત્યારે રાત્રે લગભગ નવ સવા નવ વાગ્યે તેઓ મોટા દહીંસરા નજીક જીઈબી પાવર હાઉસ પાસે કારમાં બેઠા હતા ત્યારે લાલ શર્ટ પહેરેલો આશરે ત્રીસ વર્ષની ઉમરનો અજાણ્યો શખ્સ તેમની કારની નજીક આવ્યો હતો, આ શખ્સે કારનો કાચ ખોલવા કહી તુરંત ગાળાગાળી શરૂ કરી હતી. જેથી તરુણભાઈએ ગાળો આપવાની ના પાડતા તુરંત આ અજાણ્યા શખ્સે પોતાની પાસે રહેલા તમંચા જેવી હથિયારથી ત્રણ ગોળીઓ ફાયર કરી હતી. જેમાં તરુણભાઈને એક ગોળી ડોકના પાછળના ભાગે, બીજી માથાના ભાગે અને ત્રીજી ગાલ પર વાગી હતી. ગંભીર ઈજા પામેલા તરુણભાઈએ તુરંત જ કાર ત્યાંથી હંકારી ખાખરાળા ગામ સુધી પહોંચ્યા હતા જ્યાં તેમની કાર બંધ પડી ગઈ હતી.

આ પહેલા તરુણભાઈએ ચાલુ કારે ફોન દ્વારા તેના મિત્ર અને ભાઈઓને ઘટના અંગે જાણ કરી હતી, જેથી થોડી જ વારમાં પરિવારજનો અને મિત્રો ઘટનાસ્થળે પહોંચ્યા અને તેમને પ્રથમ મોરબીની ખાનગી હોસ્પિટલમાં લવાયા બાદ વધુ સારવાર માટે રાજકોટ સ્ટર્લિંગ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તેમના ઓપરેશનમાં બે ગોળીઓ બહાર કાઢવામાં આવી હતી અને ત્રીજી ગોળી હજી ડોકના હાડકાં પાસે ફસાઈ હોવાની માહિતી મળી છે. હાલ સમગ્ર બનાવ મામલે તરુણભાઈ ગામીની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જનહિતકારી અભિગમ

# ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રને તા. 30 જૂન સુધી 30,૬૮૯ MCFT નર્મદાનું પાણી સિંચાઈ અને પીવાના ઉપયોગ માટે અપાશે

**ઉત્તર ગુજરાતના ૯૫૦થી વધુ તળાવો તથા સૌરાષ્ટ્રના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમમાં નર્મદા જળ અપાશે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉનાળાની ઋતુ દરમિયાન બહોળા પ્રમાણમાં પાકનું વાવેતર થઈ શકે તે માટે ચેકડેમ - તળાવ ભરવા સાથે લોકોને પીવાના પાણીની સમસ્યા પણ ન રહે તેવો જન હિતકારી અભિગમ નર્મદા જળ વિતરણથી અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના કિસાનો - અગ્રણીઓ દ્વારા કરાયેલી રજૂઆતોનો સંવેદનાત્મક પ્રતિસાદ આપતા તેમણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ તા. ૩૦મી જુન ૨૦૨૫ સુધી નર્મદાનું ૩૦,૬૮૯ MCFT પાણી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારો માટે ફાળવવાનો નિર્ણય કર્યો છે.

તદઅનુસાર, ઉત્તર ગુજરાત માટે નર્મદાનું ૧૪૫૩૯ MCFT અને સૌરાષ્ટ્ર માટે ૧૬૧૫૦ MCFT પાણી આપવામાં આવશે.

નર્મદા મુખ્ય નહેર આધારિત ઉદ્વહન પાઈપલાઈન મારફતે ઉત્તર ગુજરાતના ૯૫૦થી વધુ તળાવો અને સુજલામ સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલથી આ પાણી પુરક સિંચાઈ અને પીવાના હેતુસર અપાશે. એટલું જ નહીં સૌરાષ્ટ્ર વિસ્તારના ૨૪૩ તળાવો અને ૧૮૨૦ ચેકડેમમાં નર્મદા જળ પહોંચાડવામાં આવશે.

મુખ્યમંત્રીના આ નિર્ણયને પરિણામે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની કુલ ૬૦ હજાર એકરથી વધુ ખેતીલાયક જમીનને નર્મદા જળથી સિંચાઈનો લાભ મળતો થશે.

# હલેન્ડા ગામે પતિની કેન્સરની બિમારી જોઈ ન શકતા પત્નીએ વખ ઘોળ્યું

વિશ્વનગરમાં માનસિક બિમારીથી કંટાળી પ્રૌઢાએ એસિડ પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ તાલુકાના હલેન્ડા ગામે પતિની કેન્સરની બિમારી જોઈ ન શકતાં પત્નીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જ્યારે બીજા બનાવમાં વિશ્વનગરમાં માનસિક બિમારીથી કંટાળી પ્રૌઢાએ એસીડ ગટગટાવી લેતાં તેને સારવારમાં ખસેડાયા હતાં.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, હલેન્ડા ગામે રહેતાં નીતાબેન કિશોરભાઈ પારેલીયા (ઉ.૫૦) નામના મહિલાએ સવારે પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ટીકડા પી લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજી ડેમ પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં નીતાબેનને સંતાનમાં એક પુત્રી હોવાનું અને તેના પતિને કેન્સરની બિમારી હોય જેથી પતિની બિમારી જોઈ ન શક્તા ટેન્શનમાં આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

જ્યારે બીજા બનાવમાં મવડી પ્લોટમાં આવેલા વિશ્વનગર શેરીનં.૧૧માં રહેતા હંસાબેન ભીમજીભાઈ ગાધેર (ઉ.૬૦) નામના પ્રૌઢાએ સવારે પોતાના ઘરે માનસિક બિમારીથી કંટાળી એસીડ પી લેતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# શહેરમાં લુખ્ખાઓનો આતંકઃ પેટ્રોલ પમ્પના ફીલરમેન સાથે ઝઘડો કરી તોડફોડ

તુ અકરમભાઈને કેમ તુકારે બોલાવે છે તેમ કહી છરી સાથે બઘડાટી બોલાવી રોકડ લઈ ગયાનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા પેટ્રોલ પનપમા મગળવારે મોડી રાત્રે ચાર શખ્સોએ ફીલરમેન સાથે ઝઘડો કરી પેટ્રોલ પનપમા તોડફોડ કરી હતી. તુકારે બોલાવવા બાબતે માથાકૂટ કરી બઘડાટી બોલાવી રોકડ ચોરી ગયા હતા. આ અગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રૈયા રોડ પર શીવપરામા રહેતો અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા ઓમ પેટ્રોલ પનપમાં નાઈટ ડયુટીમા નોકરી કરતા વિવેક રમેશભાઈ

વિરમગામા (ઉવ. ૧૯) નામના યુવાને યુનિવર્સિટી પોલીસ મથકમા નોંધાવેલી ફરિયાદમા આરોપી તરીકે અકરમ, જયેશ ઉર્ફે અજય ભરવાડ ઉર્ફે લગડો અને અજાણ્યા બે શખ્સોના નામ આપ્યા છે. ફરિયાદમાજણાવ્યા મુજબ મગળવારે રાત્રે તે નોકરી ઉપર હતો ત્યારે ચારેય શખ્સો બાઈક અને સ્કુટરમા પેટ્રોલ પૂરાવવા આવ્યા હતા. આરોપી અકરમ અવાર-નવાર પેટ્રોલ પૂરાવવા આવતો હોવાથી ફરિયાદીએ તેને અકરમ કહી બોલાવતા તેની સાથેના શખ્સોએ તુ કેમ અકરમભાઈને તુકારે બોલાવે છે? તેમ કહી ગાળો આપી અમે હમણા પાછા આવીએ છીએ, તને પતાવી દેવો છે તેમ કહી જતા રહ્યા હતા.

બાદમા સવારે ૪ વાગ્યે ફરી આરોપીઓ છરી સાથે ઘસી આવ્યા હતા અને પેટ્રોલ પનપ પરિસરમા તોડફોડ કરવા લાગ્યા હતા. પેટ્રોલપનપની રિફિલ ઉપર છરીના ઘા મારી છૂટા પથ્થરના ઘા કરી ઓફિસનો દરવાજાનો કાચ તોડી નાખ્યો હતો. બાદમા ફરિયાદીને મારવા દોડતા તે હિસાબના પૈસા રાખેલુપર્સ ફેંકી ભાગી ગયો હતો. પરત આવતા આ પર્સમાથી રૂ.૨૦૪૦૦ની રોકડ ગાયબ હોય સીસીટીવી તપાસતા આરોપી જયેશ ઉર્ફે અજય ભરવાડ પર્સમાથી રોકડ ચોરી જતો હોવાનુ નજરે પડયુ હતુ. આ અગે પોલીસે ચારેય શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કંપનીના નામ, સરનામા વગર ઠંડા પીણાનું શહેરમાં છડેચોક ધુમ વેંચાણ!!





તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉનાળાની ધોમધખતી ગરમી પડી રહી છે. ગરમીને કારણે વાસી ખાદ્ય પદાર્થો તેમજ ઠંડા પીણાના કારણે શહેરમાં રોગચાળાના બનાવના અનેક કેસો સામે આવી રહ્યા છે. તાવ, ઝાડા-ઉલ્ટી જેવા કેસો સામે આવતા સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઇ રહી છે. આવા સમયે વધુ નફો કમાઇ લેવાની લાલચમાં કેટલાક લેભાગુ તત્ત્વો શહેરીજનોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. ગંભીર બાબત એ છે કે, આ વાત આરોગ્ય તંત્રને દેખાતી નથી. હાલમાં રાજકોટના જ અનેક વિસ્તારોમાં કંપનીના નામ વગરના ઠંડા પીણા તેમજ છાસ અને લચ્છી બેરોકટોક વેંચાઇ રહ્યા છે. આવા તત્ત્વોને કડક હાથે ડામી કાયદેસરની કાર્યવાહી કરવાની મનપાની આરોગ્ય શાખાની ફરજ છે. તેમ છતાં કુંભકર્ણની નિદ્રામાં સુતેલી આરોગ્ય શાખા કયારે જાગશે તેવો પ્રશ્ન ચર્ચાઇ રહ્યો છે.

# રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વોર્ડ નં.૩ અને ૧૦માં જન જાગૃતિ અર્થે પત્રિકા વિતરણ કરાયું






તસવીર : આનંદ જાવીયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરમાં જનજાગૃતિ અભિયાન અર્થે તમામ વોર્ડમાં વેપારીઓ અને રહેવાસીઓને અગ્નિકાંડ ના મુદ્દે ભાજપના ભ્રષ્ટાચાર અર્થે પત્રિકા વિતરણ નો કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે.

પત્રિકા વિતરણ ના વોર્ડ નંબર ૩ના કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, બોર્ડના પ્રભારી જગાભાઈ મોરી, ગૌરવભાઈ પુજારા, દીપકભાઈ ભાટીયા, જયેશભાઈ ઠાકોર, જગુભા જાડેજા, ભુપતભાઈ ગોસાઈ સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. તેમજ વોર્ડ નં.૧૦માં પણ જન જાગૃતિ અર્થે પત્રિકાનું વિતરણ કરાયું હતું જેમાં વોર્ડ નંબર ૧૦ ના પ્રમુખ જગદીશભાઈ ડોડીયા, ડી. બી ગોહિલ, પ્રવીણભાઈ કાકડીયા, વિરેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શુક્લ પીપળીયા ગામે પાણીની ટાંકીમાં ડૂબી રહેલાં બાળકનો જીવ બચાવવા જતા સરપંચને કાળ આંબી ગયો




### વેકેશન હોવાથી ગામના બાળકો સરપંચની વાડીએ નહાવા ગયા'તા બાળકને બહાર કાઢ્યા બાદ સરપંચ પાણીમાં ગરક થઇ ગયાઃ સિવિલ હોસ્પિટલમાં દમ તોડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે પર સાત હનુમાન નજીક આવેલ શુક્લ પીપળીયા ગામના કેટલાક બાળકો વેકેશનમાં સરપંચની વાડીએ નાહવા માટે ગયા હતા.દરમિયાન એક બાળક ડૂબતું હોય જેને બચાવવા માટે પાણીની ટાંકીમાં પડેલા સરપંચ બાળકને બહાર કાઢ્યા બાદ પોતે પાણીમાં ગરક થઈ ગયા હતા. ગ્રામજનોએ તુરંત જ તેઓને બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

આ અંગેની મળતી માહિતી મુજબ, શુક્લ પીપળીયા ગામના સરપંચ કાનજીભાઈ મગનભાઈ ચારોલા ઉં.૬૦ પોતાની વાડીએ હોય ત્યારે ગામના કેટલાક બાળકો વેકેશનહોવાથી તેમની વાડીમાં આવલી મોટી પાણીની ટાંકીમાં નાહવા માટે આવ્યા હતા દરમિયાન એક બાળક ડૂબવા લાગ્યું હતું. આ દ્રશ્ય જોઈ કાનજીભાઈએ તુરંત પાણીની ટાંકીમાં છલાંગ લગાવી ડૂબતાં બાળકને પાણીની બહાર કાઢ્યું હતું. જે બાદ અચાનક કાનજીભાઈ ડૂબવા લાગ્યા અને સેંકડોમાં તે પાણીમાં ગરક થઈ ગયા હતા. બનાવ અંગે જાણ થતાં ગ્રામજનો દોડી આવ્યા હતા અને કાનજીભાઈને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં ઇમરજન્સી વિભાગના તબીબોઓએ તેઓને મૃત જાહેર કર્યા હતા. વધુમાં

રાજકોટ તાલુકા પંચાયત દ્વારા ગત સોમવારે જ કાનજીભાઈને કરવેરા વસૂલાતની શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ત્યારે મૃતક કાનજીભાઈ ૧૦ ભાઈ બહેનમાં ચોથા અને તેઓને સંતાનમાં દીકરા અને એક દીકરી છે. લોકપ્રિય આગેવાનના મોતથી શુક્લ પીપળીયા ગામમાં શોક છવાઈ જવા પામ્યો હતો.

# રામવન પાસે ટ્રકની ઠોકરે ચડી જતા બાઈક ચાલક યુવકનું મોત

### યુવક ઘરેથી ગોંડલ ચોકડી નજીક કારખાને કામે જતો હતો ત્યારે કાળ ભેટ્યો, પાંચ બહેનના એકના એક ભાઇના મોતથી પરિવારમાં કરુણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રામવન નજીક પુરપાટ ઝડપે દોડી રહેલા એક ટ્રક ચાલકે ટુ વ્હીલરને હડફેટે લેતા ૨૨ વર્ષીય યુવકને ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નિપજ્યું હતું. યુવક બપોરે ઘરે જમીને ગોંડલ ચોકડી પાસે કારખાને કામ પર પરત ફરી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો પાંચ બહેનના એકના એક ભાઈના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.



આ અંગેની વિગતો મુજબ, આજીડેમ ચોકડી પાછળ મચ્છાનગરશેરી નં-૫માં રહેતો સંજય ભુરાભાઈ જાદવ ઉ.૨૨ નામનો યુવક બાપરે ઘરેથી ટુ વ્હીલર લઈને ગોંડલ ચોકડી નજીક આવેલા કારખાનામાં કામે જઈ રહ્યો હતો ત્યારે રામવન તરફના રસ્તે પુરપાટ ઝડપે આવતા ટ્રકે ટુ વ્હીલર સહિત યુવકને ફંગળ્યો હતો. યુવકને ગંભીર ઈજા પહોંચી હોય જેથી રાહદારી દ્વારા તુરંત ૧૦૮ ઈમરજન્સીને જાણ કરી યુવકને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. ઘટના અંગે જાણ થતાં પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે ખસેડયો હતો. વધુમાં યુવક પાંચ બહેનમાં એકનો એક ભાઈ હતો. આધારસ્તંભ એવા યુવાન પુત્રના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે. પોલીસે અકસ્માત સર્જી નાશી જનારા ટ્રક ડ્રાઈવરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાં ACBની ટ્રેપમાં ફસાયા લાંચિયા પોલીસ કર્મીઓઃ ASI અને હેડ કોન્સ્ટેબલ લાંચ લેતા ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના સીટી એ પોલીસ સ્ટેશન હેઠળની ખંભાળિયા ગેટ પોલીસ ચોકીમાં ફરજ બજાવતા બે પોલીસ કર્મચારીઓને એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા છે.આરોપી પોલીસ કર્મચારીઓની ઓળખ યુવરાજસિંહ ગોહિલ અને પુષ્પરાજસિંહ જાડેજા તરીકે થઈ છે. બંને કોન્સ્ટેબલોને ACBની ટીમે રૂપિયા ૮૦૦૦ની લાંચ લેતા પકડી પાડ્યા છે. ACBએ ગોઠવેલી ટ્રેપમાં સફળતા મળતા બંને આરોપીઓને તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. હાલ બંને પોલીસ કર્મચારીઓને ACB કચેરી ખાતે લઈ જવામાં આવ્યા છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.બન્ને પોલીસકર્મીઓ ખંભાળિયા ગેટ પોલીસ ચોકીની અંદરથી જ લાંચ લેતા ઝડપાયા છે. આ ટ્રેપ ACB PI વિરાણી રાજકોટ ફિલ્ડમાં કામગીરી કરી રહ્યા છે. તેના દ્વારા ખંભાળીગેટ પોલીસ ચોકીના બે પોલીસ કર્મીને ૮૦૦૦ની લાંચ લેતા રંગ સાથે ઝડપી પાડવામાં આવ્યાં છે.આ અંગે મળતી માહિતી મુજબ ફરીયાદી વિરૂધ્ધ થયેલી અરજીની તપાસ યુવરાજસિંહ ગોહિલ કરી રહ્યા હોય અને પુષ્પરાજસિંહ જાડેજા તેની સાથે કામગીરી કરે છે. યુવરાજસિંહ ગોહિલે ફરીયાદીને હેરાન ન થવુ હોય અને લોકઅપમાં નહીં બેસાડી તાત્કાલીક મામલતદાર કચેરીમાં



રજુ કરી દેવાના અવેજ પેટે રૂ.૧૦,૦૦૦.ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી. તે રકમ પુષ્પરાજસિંહને આપી દેવાનું જણાવ્યું હતું.પુષ્પરાજે ફરીયાદીને તા.૧૯/૦૫/૨૦૨૫ના રોજ અટક કરી મામલતદાર કચેરીમાં રજુ કરતા પહેલા ફરીયાદી પાસેથી રૂ.૧૦,૦૦૦.માંગતા ફરીયાદી પાસે જે તે વખતે. આટલી રકમ ન હોવાથી પુષ્પરાજે ફરીયાદી પાસેથી રૂ.૨,૦૦૦.લઇ લીધેલ અને બાકીના રૂ.૮,૦૦૦.ફોન કરીએ આપી જવાનું જણાવ્યું હતું.જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય ફરીયાદીની ફરીયાદ આધારે ગોઠવેલા લાંચના છટકા દરમિયાન આ કામના આરોપી યુવરાજસિંહ ગોહિલે લાંચની રકમ પુષ્પરાજસિંહ જાડેજાને આપી દેવાનું કહેતા પુષ્પરાજે ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચની રકમ રૂા.૮૦૦૦.માંગી, સ્વીકારી હતી. જેથી એસીબીએ બન્નેને રંગેહાથ ઝડપી લીધા હતા.

# રાજકોટ-જામનગર હાઇ-વે પર બાઈકની રેસ લગાવનાર સાત શખસો સામે ગુનો નોંધાયો

### ફૂલ સ્પીડમાં બાઈક ચલાવી ટ્રક સાથે બાઈક અથડાવનાર ઈજાગ્રસ્ત યુવાન સામે ટ્રક ચાલકે ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજકોટ હાઈવે પર બાઈકની રેસ ચલાવનારા યુવાનો પૈકી એક યુવાન ટ્રક સાથે અથડાઈને ગંભીર સ્વરૂપે ઘાયલ થયો હતો, અને હાલ સારવાર હેઠળ છે. જે સમગ્ર બાઈક રેસનો વિડીયો વાયરલ થયો હતો, અને તેમાં સાત બાઈક સવારો દેખાયા હતા. જેથી પોલીસ દ્વારા આ મામલે બાઈક સવારની સામે જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં બે બાઈક સવારની અટકાયત કરી લેવામાં આવી છે, અને અન્ય પાંચ ની શોધ ખોળ ચલાવવામાં આવી રહી છે. જામનગર રાજકોટ ધોરીમાર્ગ પર શનિવારે રાત્રે ફૂલ સ્પીડમાં વાહન ચલાવી અકસ્માત સર્જનારા અંકિત મકવાણા ને ટ્રકના પાછળના ઠાંઠામાં ઠોકર વાગવાથી ગંભીર ઈજા થઈ હતી અને હાલ જી.જી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે અને તેની હાલત અત્યંત નાજુક છે.જે બાઈક




રેસ નો વિડીયો વાયરલ થયો હતો, જે વીડિયોને લઈને પંચકોસી એ ડિવિઝનની પોલીસ ટિમ હરકતમાં આવી ગઈ હતી, વીડિયોમાં દેખાતા વાહનો અને તેના નંબરના આધારે તેના ચાલકની શોધખોળ કર્યા બાદ પોલીસને બે બાઈક સવાર ચેતન રાજેશભાઈ પાડલીયા અને યાસીન કરીમભાઈ બાબવાની નો પતો સાંપડયો હતો. જે બન્નેને ઉઠાવી લીધા હતા અને પોલીસ મથકે લઈ જઈ બંનેની પૂછપરછ હતી.ઉપરાંત તેની બાઈકની રેસ ચલાવનાર અન્ય બાઈક સવાર ફરીદ અબ્બાસભાઈ ભડાલા, સુમિત શામજીભાઈ સરવૈયા, જર ખુલ્યા હતા.જે અન્ય પાંચ બાઈક સવારની પોલીસ દ્વારા શોધખોળ ચલાવવા આવી રહી છે.

આ પ્રકરણમાં સરકાર પક્ષે પીએસઆઈ એ આર પરમાર જાતે ફરિયાદી બન્યા હતા, અને તમામ બાઈક સવાર સામે બીએનએસ કલમ ૨૮૧ તેમજ એમવી એક્ટ કલમ ૧૮૩,૧૮૪ અને ૧૮૯ મુજબ ગુન્હો નોંધ્યો છે.આ ઉપરાંત ફૂલ સ્પીડમાં બાઈક ચલાવીને ટ્રક સાથે અકસ્માત સર્જનાર અંકિત મકવાણા સામે પણ અલગથી ગુનો નોંધવામાં આવ્યો છે, અને મનુભાઈ ગોહિલ નામના ટ્રક ચાલકે પોતાની સાથે પાછળ ફૂલ સ્પીડ માં આવી બાઈક ની ટક્કર મારી દેનાર જી જે ૧૦ ઈ.એ. ૭૫૫૦ નંબરના બાઈક સવાર અંકિત મકવાણા સામે ફરિયાદ નોંધાવી છે.

# કોઠારિયા ગામ પાસે આવાસ ક્વાર્ટરમાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર આવેલા આવાસ ક્વાર્ટરમાં રહેતી ૨૫ વર્ષીય પરિણીતાએ ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતા બે માસુમ બાળકોએ માતાની છત્રછ્યા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે. કોઠારીયા રોડ પર ગુજરાત હાઉસિગ બોર્ડના ક્વાર્ટરમાં રહેતી ૨૫ વર્ષીય નીરૂબેન અનિલભાઈ સોરાણી નામની પરિણીતાએ પોતાના ઘરે છતના હુકમાં કપડાં સૂકવવાની દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. દરમિયાન બહાર રમતાં બંને બાળકો ઘરમાં આવતા માતાને લટકતી જોતા દેકારો કરતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. કોઈએ ૧૦૮ને જાણ કરતાં તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં આજીડેમ પોલીસ મથકના સ્ટાફે



જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. વધુમાં મૃતક નીરૂબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતા. તેમને સંતાનમાં બે દીકરા છે. પતિ અનિલભાઈ લોખંડના પતરા બનાવતી રઘુવીર કંપનીમાં માલવાહક વાહન ચલાવવાનું ડ્રાઈવિગ કામ કરે છે. જો કે પરિણીતાએ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે સામે ન આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કંસારા બજારમાં એક લાખના સોના-ચાંદીના દાગીના સાથે શખ્સ ઝડપાયો

### ઘરેણા કોણે આપ્યા તે મુદ્દે પુછપરછ કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં કંસારા બજાર મેઇન રોડ પર એક શખસ શંકાસ્પદ હાલતમા જણાતા એ ડીવીઝન પોલીસ મથકનાં સ્ટાફે આ શખસને અટકાવી તેની તલાસી લેતા તેનાં પાસે રહેલી થેલીમાથી સોના-ચાંદીનાં ઘરેણા મળી આવ્યા હતા. અને દાગીના અંગે પુછપરછ કરતા તેમજ આ દાગીનાનાં બીલ રજુ કરવાનુ કહેતા તેમની પાસે બીલ ન હતા અને આરોપી ગલ્લા તલ્લા કરવા લાગ્યો અને પોલીસે આ શખસ પાસેથી ૧ લાખનાં દાગીનાં અને મોબાઇલ જપ્ત કર્યા હતા.વધુ વિગતો મુજબ એ ડીવીઝન પોલીસ મથકનાં પીઆઈ બી. વી. બોરીસાગર, પીએસઆઈ એસ. એમ. રાણા, ડી સ્ટાફના ધારાભાઈ, ધર્મેશભાઇ, કલ્પેશભાઇ બોરીયા અને અમીતભાઈ ગોહેલ સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો ત્યારે કંસારા બજાર પાસેથી એક શંકાસ્પદ શખસને અટકાવી તેનાં પાસે રહેલી થેલી ચેક કરતા તેમાથી સોના - ચાંદીનાં દાગીના અને મોબાઇલ મળી આવ્યા હતા. આ શખસની પુછપરછ કરતા તેમણે પોતાનુ નામ વિક્રમ રણજીતભાઈ ખાખોરીયા (રહે. ઢાકણીયા રોડ બાપા સીતારામ મઢુલી પહેલી શેરી મેલડી માતાજીનાં બોર્ડ સામે બોટાદ) હોવાનુ જણાવ્યુ હતુ. તેમની પાસેથી ઘરેણા અને મોબાઈલનાં



બીલ માંગતા તેમની પાસે બીલ નહીં હોવાનું જણાવ્યુ હતુ જેથી એ ડીવીઝન પોલીસ મથકે લઈ આવી આરોપી વિરુધ્ધ બી. એન. એસ. એસ. ની કલમ ૧૦૬ મુજબ શક પડતી મીલકત તરીકે દાગીના અને મોબાઇલ જપ્ત કર્યા હતા. વિક્રમ પાસેથી મળી આવેલા દાગીનાઓમા સોનાની નાની પાંદડીઓ, પગમા પહેરવાનાં સાકળા, ચાંદીની હાથમા પહેરવાની બંગડી, ચાંદીનો દિલની ડિઝાઇન વાળો કમરમા પહેરવાનો પટો તેમજ ચાંદીનો કંદોરો અને એક મોબાઈલ આમ આરોપી વિક્રમ પાસેથી ૧ લાખ ૭ હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો.

# નરસિંહનગર સોસાયટીમાં જૂની અદાવતનો ખાર રાખી ટોળકીએ પરિવારને આપી ધમકી

### છાત્રાનો પીછો કરતા શખ્સોને ઠપકો આપતા થયેલી બોલાચાલીમાં ફરી હોબાળો મચાવનાર વિરૂદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આરટીઓ પાછળ નરસિંહનગરમાં રહેતાં પરિવારની દિકરી શાળાએ જતી હોય ત્યારે નજીકની શ્રીરામ સોસાયટીમાં રહેતો શખ્સ તેણીનો પીછો કરતો હોઈ આ શખ્સને બાળાના પરિવારજનોએ ઠપકો આપતાં ઝઘડો થયો હોઈ આ બાબતનો ખાર રાખી આ શખ્સે બીજા પાંચ જણા સાથે મંડળી રચી પાઈપ સાથે નરસિંહનગરના ચોકમાં આવી બાળાના માતાને ગાળો દઈ તેમજ તેણીના પિતા, કાકા હાથમાં આવે એટલે પતાવી દેવા છે તેવી ધમકી દઈ ચોકમાંદેકારો મચાવી ભય ફેલાવતાં પોલીસે ગુનો નોંધ્યો છે.

આ અંગેની માહિતી મુજબ આરટીઓ પાસે નરસિંહનગર સોસાયટી-૧ રીરામ સોસાયટીની સામે રહેતાં નીશાબેન મનિષભાઈ ચાવડા (ઉ.વ.૪૦)ની ફરિયાદ પરથી શ્રીરામ સોસાયટી-૧૦માં રહેતાં નિર્મળ મહેન્દ્રભાઈ વઘેરા અને પાંચ અજાણ્યા શખ્સો સામે રાયોટીંગનો ગુનો નોંધ્યો છે.નીશાબેન ચાવડાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને છુટક સફાઈ કામ કરી પરિવારને મદદરૂપ થાઉ છું. મારા પતિ છુટક મજૂરી કરે છે. મારે સંતાનમાં ચાર દિકરીઓ છે. અમારી સામેની સોસાયટીમાં રહેતો નિર્મળ વઘેરા મારી દિકરી સ્કૂલે જતી હોઈ તેનો પીછો કરતો હોઈ આ બાબતે અમે તેને સમજાવતાં તેણે અમારી સાથે ઝઘડો કર્યો હતો. બે દિવસ પહેલા ૧૯મીએ રાતે પોણા બાર વાગ્યા આસપાસ નિર્મળ અમારી સોસાયટીના મુખ્ય ચોક પાસે આવ્યો હતો અને અમારા ઘર તરફ હાથ બતાવી જોર જોરથી ગાળો બોલતા માંડયો હતો. તેની સાથે બીજા પાંચ અજાણ્યા શખ્સો પણ હતાં. આ પૈકીના બે શખ્સોના હાથમાં પાઈપ હતાં. દેકારો થતાં સોસાયટીના મુક્તાબેન અને બીજા સભ્યો ભેગા થઇ જતાં મુક્તાબેને નિર્મળને જાહેરમાં ગાળો નહિ બોલવા સમજાવતાં નિર્મળે તમારી સાથે મારે કંઇ લેવા દેવા નથી. અમારે તો મનિષ અને સંદિપને સબક શીખવવો છે. તેમ કહી મારા પતિ અને દિયરના નામ લઇ ગાળો બોલવા માંડયો હતો.આ માથાકુટને પગલે બીજા રહેવાસીઓ ભેગા થઈ જતાં નિર્મળ સહિતના ભાગી ગયા હતાં. જતાં જતાં પણ નિર્મળે ધમકી આપી હતી કે મનિષ અને સંદિપ હાથમાં આવે એટલે મારી જ નાખવા છે. અગાઉ અમારે નિર્મળ વઘેરા સાથે ઝઘડો થયો હોઈ તેનો ખાર રાખી સોસાયટીમાં અજાણ્યા શખ્સો સાથે મંડળી રચીને આવી ગાળો દઈ ધમકી આપી ભાગી ગયો હતો. બી-ડિવીઝન પીઆઇ એસ. એસ. રાણેની રાહબ-રીમાં એએસઆઈ જે. એમ. ઝાલાએ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# ગોંડલના ચરખડી ગામે ટ્રેકટર નીચે ચગદાઈ જતા માસુમ બાળકનું મોત

### આદિવાસી પરિવારના ટ્રેકટર નીચે રમત રમી રહેલા બાળકે જીવ ખોયો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાનાં ચરખડી ગામે વાડીમાં બાળક ટ્રેક્ટર નીચે રમી રહ્યુ હતુ.ત્યારે આ વાત થી અજાણ ટ્રેક્ટર ચાલકે ટ્રેક્ટર ચાલુ કરતા હડફેટ આવેલા બાળકનુ ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ.બનાવ બાદ બાળક નાં ।મૃતદેહ ને ગોંડલ સિવિલ હોસ્પિટલ માં ખસેડાતા પીએમ માટે લઈ જતી વેળા ટ્રેચર માંથી બાળક નાં માતા પિતા મૃતદેહ લઈ ચરખડી નાશી જતા તાલુકા પોલીસે બાળકનાં મૃતદેહ સાથે તેના માતાપિતાને ફરી ગોંડલ હોસ્પિટલ લઈ આવી પીએમ કરાવ્યુ હતુ. અજ્ઞાનતાને કારણે બાળક નાં માતાપિતા પીએમ કરાવ્યા વગર મૃતદેહ લઈ ગયાનું જાણવા મળ્યુ હતુ.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ચરખડી ઉદયભાઈ કંડોળીયા ની વાડીમાં મુળ મધ્યપ્રદેશનાં આદિવાસી અખિલેશ નહાલ પરીવાર સાથે ખેતમજુરી કરી રહ્યા હતા ત્યારે તેમનો સાત વર્ષનો પુત્ર તેજ વાડીમાં ઉભેલા ટ્રેક્ટર નીચે રમતો હતો.

આ વેળા આ વાત થી અજાણ ઉદયભાઈ એ ટ્રેક્ટર ચાલુ કરી ચલાવતા તેજ ટ્રેક્ટર નીચે આવી જઈ ચગદાઈ જતા તેનુ કરુણ મોત નિપજ્યું હતુ. બનાવ બાદ બાળક નાં મૃતદેહને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો. અખિલેશભાઈ ને સંતાનમાં એક પુત્ર તેજ તથા એક પુત્રીછે.એકનાએક પુત્ર નું નજર સામે મોત નિપજતા પરીવાર માં કલ્પાંત સર્જાયુ હતું. બનાવ અંગે તાલુકા પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરીછે.

# મનહરપુરમાં જુગાર રમતા અડધો ડઝન પતાપ્રેમી ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં જામનગર રોડ પર આવેલા મનહરપુર ૧ મા જુગાર રમાતો હોવાની બાતમીને આધારે એલસીબી ઝોન ૨ નાં કોન્સ્ટેબલ કુલદીપસિંહ રાણા અને સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા ૬ શખસોને ઝડપી લઈ રૂ. ૧૦ હજારનો મુદામાલ જપ્ત કર્યો છે.એલસીબી ઝોર્નર ની ટીમનાં એએસઆઈ જયંતિભાઈ ગોહીલ, શકિતસિંહ ગોહીલ, રાહુલભાઈ ગોહેલ, કુલદીપસિંહ રાણા, રાજુભાઈ મીયાત્રા અને સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા સન્ની જમનભાઈ રાઠોડ ધંધો સફાઈકામ રહે. મનહરપુર-૧ પાણીના ટાંકા પાસે જામનગર રોડ રાજકોટ , સન્ની હસમુખભાઈ પરમાર ધંધો રીક્ષા ડ્રાઈવીંગ રહે. મનહરપુર-૧ પાણીના ટાંકા પાસે જામનગર રોડ રાજકોટ , શામજી મહેશભાઈ ધોળકીયા ધંધો પ્લમ્બરકામ રહે. મનહરપુર-૧ વાઘાણી નર્સરીની બાજુમાં જામનગર રોડ રાજકોટ ,રોહિત હિરાભાઈ મેસડીયા ધંધો પ્રા. પ્રા.નોકરી રહે. મનહરપુર-૧ વાઘાણી નર્સરીની બાજુમાં જામનગર રોડ રાજકોટ ,કિશન મહેશભાઇ ધોળકીયા ધંધો ઈમીટેશનનું કામ રહે. મનહરપુર-૧ વાઘાણી નર્સરીની બાજુમાં જામનગર રોડ રાજકોટ અને સવજી રમેશભાઈ વરદોરીયા ધંધો બંગડીનું કામ રહે. બેડી ગામ તા.જી.રાજકોટની ધરપકડ કરી જુગારીઓ પાસેથી ૧૦૨૫૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

# દ્વારકેશ પાર્કમાં વીજશોકથી આશાસ્પદ યુવાનનું મોત

### લાઈટના પ્લગમાંથી એલઈડી કાઢવા જતાં લાગેલો કરંટ જીવલેણ નીવડ્યો

શહેરના રૈયા રોડ પર આવેલા દ્વારકેશ પાર્કમાં આશાસ્પદ યુવાનનું વિજશોક લાગતાં મોત નિપજ્યું હતું. યુવાન રાત્રિના સમયે લાઈટને પ્લગમાંથી એલઈડી કાઢવા જતાં વીજ કરંટ લાગતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.જાણવા મળતી વિગત મુજબ, રૈયા રોડ પૂર આલાપ ગ્રીન સીટી પાછળ આવેલા દ્વારકેશ પાર્ક શેરી નંકમાં રહેતો દિપક ચેતનભાઈ કાકુ (ઉ.૨૦) નામનો યુવાન ગઈકાર્લે રાત્રે પોતાના ઘરે લાઈટના પ્લગમાંથી એલઈડી કાઢવા જતાં અચાનક વીજ શોક લાગતાં તેને સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ અહિં તેનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

# ધંધાકીય હરીફાઈમાં ટ્રાવેલ્સ બસમાં તોડફોડ કરી ડ્રાઈવર અને કલીનરને આપી ધમકી

### અમદાવાદમાં પેસેન્જર ભરવા મુદ્દે માથાકુટ થયા બાદ કારમાં ધસી આવેલા શખ્સોએ બસને આંતરી મચાવી ધમાલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામજોધપુરની આદેશ ટ્રાવેલ્સની બસ જામજોધપુર-ગાંધીનગર રૂટ પર ચાલતી હોઈ અને અમદાવાદ ઈસ્કોન ખાતેથી તેમાં મુસાફરો ભરવામાં આવતાં હોઈ રાજકોટના દ્વારકાધીશ ટ્રાવેલ્સના સંચાલકે કુવાડવા નજીક કારમાં આવેલા ચાર શખ્સોએ આંતરી પાઈપના ઘા ફટકારી કાચ ફોડી નાંખી તેમજ ડ્રાઇવરને પાઈપ ફટકારી ડ્રાઇવર-ક્લીનરને મારી નાંખવાની ધમકી આપતાં પોલીસે તપાસ હાથ ધરી છે.લગાડજો. તેમજ તમારા શેઠ સુનિલભાઇને પણ કહેવું હોય તો કહી દેજો, અમારી બસના ડ્રાઇવર-પન્ન છે જ છે પછી ખોટી માથાકુટ થાય તો કહેતા નહિ તેવો ફોન કર્યો હતો.

આ અંગેની વિગતો મુજબ,કુવાડવા રોડ ગામના ભીખનભાઈ રમેશભાઈ કરંગીયા (ઉ.વ.૨૫)ની ફરિયાદ પરથી ચાર અજાણ્યા સામે ગુન નોંધ્યો છે. ભીખનભાઈ ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. દરરોજ સુનિલભાઈ ઓડેદરાની આદેશ હિલિસની બસ ધ્ુ આવ-જા કરે છે. ભીખનભાઈએ જણાવ્યું હતું કે, ૧૯મીએ રાતે વાગ્યે હું ટ્રાવેલ્સ બસ લઈને ક્લીનર ઈરફાન હારૂનભાઈ ખેતા જામજોધપુરથી મુસાફર ભરીને ગાંધીનગર ગયા હતાં. ૨૦મીએ ગાંધીનગર ખાતે સુતા હતાં. ક્લીનર ઈરફાનભાઈ પાસે ટ્રાવેલ્સનો મોબાઈલ ફોન હોઈ તેમાં રાતે પોણા અગિયારેક વાગ્યે દ્વારકાધીશ ટ્રાવેલ્સના માલિક રણછોડભાઈ સભાડનો ફોન આવ્યો હતો. તેણે કહેલુ કે તમે અમદાવાદ ઈસ્કોન ખાતે બપોરે ૧ વાગ્યે બસ ન લગાડતાં. બપોરે ૧૨૦ પછી તમારી બસ આ બાબતની જાણ અમે કરંગીયા અમારા શેઠ સુનિલભાઈ ઓડેદરાને તે કરી હતી. આ પછી અમે સવારે સાડા અગિયારેક વાગ્યે ગાંધીનગરથી લઈ મુસાફર ભરી જામજધોપરુ જવા હતું. જે વા અમદાવાદથી રાજકોટ તરફ હાઈવે દસેક પર કુવાડવા ગામ રાધે હોટલ પાસે અમારી બસ પહોંચતા રાજકોટ તરફથી સફેદ કલરની સ્વીફ્ટ આવી હતી અને અમારી બસને આંતરી ઉભી રખાવી દીધી હતી. આ પછી કારમાંથી ચાર માણસો હાથમાં લોખંડના પાઈપ લઇને ઉતર્યા હતાં. એક શખ્સે મારી પાસે આવી તું નીચે ઉતર તેમ કહી મને પાઈપનો ઘા જમણા ખંભા પર મારી દીધો હતો. બીજા ત્રણ જણાએ અમારી બસના આગળના કાચ, ડ્રાઈવર કેબીનનો દરવાજાના કાચ ઉપર પાઈપના ઘા મારી તોડફોડ કરી હતી.


બાદમાં ચારેયએ દરવાજો ખોલી અંદર આવી મને અને ક્લીનરને ગાળો દીધી હતી. તેમાંથી એક માણસે 'તમને અત્યપછી બસ ઉપાડવાનું કહ્યું હતું છતાં તમે કેમ એક વાગ્યે બસ લગાડી હતી? કાલે પણ તમારી બસને આવી રીતે રોકીને તોડફોડ કરીશું. ગમે તે ડ્રાઈવર હશે તેને મારશું' તેમ કહ્યું હતું. ત્યાં આજુબાજુમાં બીજા માણસો ભેગા થઈ જતાં આ ચારેય જણા સ્વીફટમાં બેસ અમારા શેઠ સુનિલભાઈને ફોનથી જાણ કરી હતી. ભીખનભાઇએ વધુમાં કહ્યું હતું કે હુમલાખોરોની બસ અમદાવાદ-રાજકોટ પેસેન્જરમાં ચાલતી હોઇ અને અમારી આદેશ ટ્રાવેલ્સની બસ પણ આ રૂટમાં ચાલતી હોઇ અમદાવાદથી મુસાફરો ભરવાના સમય બાબતે બોલાચાલી કરી મનદુખ રાખી કુવાડવા ગામ પાસે અમારી બસને કારમાં આવેલા ચાર શખ્સોએ રોકાવી તોડફોડ કરી મને પાઇપનો ઘા મારી લઈ તેમજ મારી નાખવાની ધમકી આપી હતી. કુવાડવા પીએસઆઇ પી. વી. રાઠોડે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કારખાનેદાર સાથે ૩૧.૪૮ લાખની છેતરપીંડી આચરનાર નાઈઝીરીયન શખ્સ દિલ્હીથી ઝડપાયો

### વિદેશમા બિયારણ નિકાસ કરવાના નામે સંપર્ક કરી રૂ. ૩૧.૪૮ લાખ ટ્રાન્સફર કરાવ્યા'તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં આકાશવાણી ચોકમાં શાંતિ હાઈટસમાં રહેતાં અને જેતપુરમાં સોનલ ડાય એન્ડ પ્રિન્ટીંગ વર્કસ નામે સાડીના છાપકામનું કારખાનું ધરાવતાં કારખાનેદાર ભારતમાંથી બિયારણની ખરીદી કરી તેને એક્ષપોર્ટ કરવાની લાલચ આપી અલગ-અલગ ખાતાઓમાં ઓનલાઈન રૂા.૩૧.૪૮ લાખ ટ્રાન્સફર કરાવી ઓનલાઇન છેતરપીંડીનાં કેસમાં સાયબર ક્રાઈમ પોલીસે દિલ્હીથી નાઝીરીયાના નાગરિક ઓકાફોર નિક્કીની ધરપકડ



કરી ત્રણ દિવસના રિમાન્ડ પર મેળવી તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી વિગતો મુજબ આ મામલે રાહુલ મથુરાદાસ જોગી (ઉ.વ.૪૧) એ ફરીયાદ નોંધાવી હતી જેમા જણાવ્યું હતું કે પાંચેક માસ પહેલાં તેને ફેસબુક મેસેન્જર આઈડીમાંથી ગઠીયાએ કોલ કરી કહ્યું કે તેની કંપનીને બિયારણની જરૂર છે. જે ભારતમાંથી લઈ એક્ષપોર્ટ કરવાનું છે. આ રીતે તેને એક્ષપોર્ટનો બીઝનેશ કરવાની લાલચ આપી, તેના સતત સંપર્કમાં રહ્યા બાદ બિયારણ ખરીદવાના બહાને તેને જુદા-જુદા ખાતાઓમાં રૂ.૩૧.૪૮ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. આખરે તેને પોતાની સાથે ફ્રોડ થયાની જાણ થતાં સાયબર ક્રાઈમના હેલ્પ લાઈન નંબર ઉપર ફરિયાદ કરી હતી. જેના આધારે મ સાયબર ક્રાઈમ પોલીસે જે બેન્ક

ખાતાઓમાં ફોડની રકમ જમા થઈ હતી તેના ખાતા ધારકો, જે નંબર ઉપરથી વોટસએપ કોલ કરાયા હતા તે નંબર ધારકો વગેરેને આરોપી બનાવ્યા હતા. સાયબર ક્રાઈમના પીઆઈ એમ.એ. ઝણકાટે તપાસ આગળ ધપાવતાં દિલ્હી સુધી પગેરૂં નિકળ્યું હતું. જેથી સાયબર ક્રાઈમ પોલીસની ટીમે દિલ્હીમાં ત્રણ દિવસ સુધી ધામા નાખ્યા હતા. તપાસ દરમિયાન નાઈઝીરીયાના નાગરિક ઓકાફોર નિક્કીની સંડોવણી ખુલતાં તેને ઝડપી લઈ રાજકોટ લઈ આવી ત્રણ દિવસના રિમાન્ડ પર લીધો છે.તેની સાથે અન્ય કયા કયા આરોપીઓ સંડોવાયેલા છે. બીજી કઈ જગ્યાએ ફ્રોડ કર્યું છે તે સહિતના મુદ્દે સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીએ જ ખોટા મેઈલ આઈડી બનાવી ફરિયાદીનો સંપર્ક કરી આ ફ્રોડ કર્યાનું બહાર આવ્યું છે.